Permitted to Post at PSO-AHD : On every Tuesday

Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012

છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮

Reg. under RNI No. GUJGUJ/2003/16248

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન

# THE ECONOMIC REVOLUTION

સ્ટોક માર્કેટ અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in

Everythings that's on Money !!!

● વર્ષ : ૭ ● અંક : ૨૪ ● તા. ૦૮.૦૬.૨૦૧૦ થી ૧૪.૦૬.૨૦૧૦ ● વૈશાખ વદ ૧૧ થી જેઠ સુદ ૦૨ ● સં. ૨૦૬૬ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●

● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

## ગ્રીસ અને સ્પેઈન બાદ હવે હંગેરીના આર્થિક સંકટની અટકળો બજારોને સતાવશે

નમસ્કાર મિત્રો,

આ લખાય છે ત્યારે અમેરિકામાં રોજગારીના આંકડાઓ જાહેર થયા બાદ ત્યાંના બજારોમાં ૩ ટકા ઉપર ગાબડું પડવા પામ્યું છે. છેલ્લા ઘણાં સમયથી ભારતીય

### શેરબજારની સમીક્ષા



દિપક અમીન
મો. ૯૩૭૭૦૦૮૭૦૮

બજારો યુરોપ, અમેરિકાના બજારો પાછળ ગોળ ગોળ ફરી રહ્યા છે. આપણે ત્યાંના બજારોને નવી ઊંચાઈ સ્પર્શવી છે અને સ્પર્શી શકે છે પરંતુ યુરોપના આર્થિક સંકટને કારણે એશિયન બજારો સહિત એનએસઈ બીએસઈ પણ ચંચળતા સાથે નરમ નરમ રહ્યા છે. બધા ઈચ્છતા હોય કે બજારો વધે, પરંતુ તેવું થતું નથી. એક ધારો બજારોમાં વધારો આવ્યા પછી કરેક્શન ચોક્કસ આવે છે અને તે પ્રાદેશિક કે વૈશ્વિક ગમે તે કારણ પકડીને આવે છે. યાદ રાખો આપણે અગાઉ પણ કહેલું છે કે બજારોમાં તેજી અને મંદીના કારણો હમેશા મોજૂદ હોય છે. બસ સવાલ એ રહે છે કે તે ક્યારે ફળીભૂત થાય. ટ્રેડરો અને ટૂંકાગાળા માટે રોકાણ કરનારે સતત સતર્ક રહેવું જ પડે છે.

ખેર ગત સપ્તાહ દરમ્યાન બીએસઈનો ૩૦ કંપનીઓનો સેન્સેક્સ ઈન્ડેક્ષ ૧.૩૬ ટકા અને એનએસઈનો ૫૦ કંપનીઓનો નિફ્ટી ઈન્ડેક્ષ ૧.૫ ટકા વધીને અનુક્રમે ૧૭૧૧૭.૬૯અને ૫૧૩૫.૫૦ બંધ રહ્યા હતા. ઓટો કંપનીઓના સારા વેચાણના આંકડાઓને પગલે બીએસઈનો ઓટો ઈન્ડેક્ષ ૪.૫ ટકા ઉછળ્યો હતો. જ્યારે બાયબેકના સમાચાર ને પગલે હીન્દ યુનિલીવર ૫ ટકા વધ્યો હતો. ઉપરાંત રીલાયન્સ ઈન્ફ્રા, એસબીઆઈ, ઓએનજીસી, રિલા. કેપીટલ, જેવા મુખ્ય શેરોમાં પણ ૪-૫ ટકા નો વધારો થયો હતો. જો કે મેટલના ભાવોમાં દબાણને કારણે સ્ટરલાઈટ ઈન્ડ., જેએસપીએલ ઘટ્યા હતા. વીન્ડ પાવર કંપની સુઝલોનના શેરમાં ૮.૫ ટકા ઘટાડો આવ્યો હતો.

**વિકસિત દેશોમાં ઈક્વિટીની સાથે દેવાના સાધનોમાં પણ વળતરની સંભાવનાઓ ઘટતા એફઆઈઆઈ નો મોટો નાણા ધોધ ઈમર્જિંગ બજારોમાં આવવાની બૌદ્ધિક વર્તુળોમાં ચર્ચા**

**વૈશ્વિક ગતિવિધિ :**

ગ્રીસ અને સ્પેઈન બાદ હવે હંગેરી દેશ આર્થિક સંકટમાં હોય તેવી અટકળો શરુ થઈ ગઈ છે. ત્યાં નવનિયુક્ત પ્રમુખ દ્વારા અગાઉના વિરોધ પક્ષના નેતાઓ પર આરોપ લગાવતા કહ્યું હતું કે અગાઉની સરકાર ખોટા આંકડાઓ આપીને દેશને દેવામાં ડુબાડી દીધો છે. અને હંગેરી અત્યારે ગ્રીસની જેમ સંકટમાં છે. જ્યારે હંગેરીના સેક્રેટરી કક્ષાના ઉચ્ચ અધિકારીએ નવનિયુક્ત પ્રધાનના આ સ્ટેટમેન્ટને ખારીજ કરતા જણાવ્યું હતું કે આ બાબતમાં કોઈ તથ્ય નથી અને હંગેરીનું અર્થતંત્ર સલામત છે. જ્યારે મૂડી રેટિંગ કંપની દ્વારા પણ હંગેરીને ગ્રીસ કે સ્પેઈન કરતા સારી હાલતમાં છે તેવું કહ્યું હતું. આમ હંગેરીનો મુદ્દો નવું કંઈ બહાર ના આવે ત્યાં સુધી બજારોને હેરાન કરે તેવું લાગતું નથી.

**બીએસઈ મેટલ સ્ટોક્સ :**

અગાઉ પણ આપણે કહ્યું હતું બીએસઈ મેટલના ભાવો સ્થિર સપ્લાય અને ઘટતી માંગ વચ્ચે કરેક્શનના ગાળામાં છે. વધારે ઘટાડાના કારણે બાઉન્સ બેક આવે છે. પરંતુ યુરોપ જેવા મોટા વૈશ્વિક વ્યાપારને અસર કરતા નકારાત્મક પરિબળ વચ્ચે મેટલ અને મેટલ શેરોમાં મંદીનું વલણ રહેશે.

**કોમોડીટીઝ :**

વૈશ્વિક સોનાના ભાવો ૧૨૫૦ ડોલર જેવી નવી સપાટી પરથી ૧૨૦૦ સુધી ઘટયા હતા. જ્યારે ભારતમાં ચલણ વિનિમય ફરકના કારણે પ્રાદેશિક ૧૦ ગ્રામના ભાવો ૧૮૮૦૦ નજીક નવી સપાટી બનાવી હતી.

**ટેલિકોમ સેક્ટર :**

ગત સપ્તાહ દરમ્યાન વિવિધ ટેલિકોમ શેરોમાં સતત ૩ દિવસતેજી જોવા મળી હતી. પરંતુ આ અચાનક તેજીનું કોઈ નક્કર કારણ નથી. માટે રોકાણકારોએ ટેલિકોમના શેરોથી દૂર જ રહેવું. મધ્યમથી લાંબાગાળા માટે આ શેરો રોકાણકારોને કોઈ ખાસ રિટર્ન આપે તેવી શક્યતા નથી. અને અન્ય સેક્ટર્સમાં વધારે સારા વેલ્યુએશન પર ગ્રોથ વાળા શેરો મળી રહ્યા હોય તો તેમાં જ રોકાણ કરવું જોઈએને.

તેજી હોય કે મંદી,સોનાની ખાણ જેવા ફંડામેન્ટલ મજબૂત શેરોની એટલે કે

MIDCAP - MULTI BAGGER ટીપ્સ

માટે સાચા અને શાણા રોકાણકારો તાત્કાલિક ૦૯૯૨૫૦૦૨૬૧૯ પર સંપર્ક કરો અથવા તો log on

www.theeagleinvestor.co.in

## અજ્ઞાત પરપોટા અને છૂપાયેલ હકીકતો જ્યારે તેમના ચહેરા પરથી નકાબ હટાવશે ત્યારે શું ???

**તા. ૦૭ જુન ૨૦૧૦ થી ૧૧ જુન, ૨૦૧૦**
**બજારનું સાપ્તાહિક વિહંગાવલોકન અજ્ઞાત પરપોટા અને છૂપાયેલ હકીકતો જ્યારે તેમના ચહેરા પરથી નકાબ હટાવશે ત્યારે શું ???**

### બાય એન્ડ સેલ

રમેશચંદ્ર
મો. ૯૮૯૪૦૪૩૦૯૦
E-Mail:
buysell_india@yahoo.com,
buysell_stocktips@yahoo.com

અમોએ વારંવાર યુરોની કટોકટી વિષે ચેતવણી આપેલ - ગ્રીસની કટોકટી એ તો માત્ર શરુઆત જ છે... યાદ રાખો અમોએ સ્પેઈન, જર્મન વિષે પણ અણસાર કરેલ હતો, હવે ગ્રીસ અને પોર્ટુગલમાં પણ આ પ્રશ્ન ઉદ્ભવી રહેલ છે. ગત સપ્તાહે ફીચ ક્રેડીટ રેટીંગ એજન્સીએ સ્પેનને ડાઉનગ્રેડ કરેલ છે જ.

હવે આપણે આયર્લેન્ડ, ફ્રાન્સ અને હંગેનીને પણ આ લીસ્ટમાં ઉમેરવા પડશે. તેથી હવે આ હાલમાં તો નોન સ્ટોપ સ્ટોરી લાગે છે. મૂળ કટોકટીતો યુરોએ ચાલુ કરી, અને હવે તે આપમેળે જ સેટલ થતાં સમય લેશે.

અનો હવે એકદમ ચાઈનીઝ અર્થતંત્ર માટે પણ સમાચાર / અફવા આવેલ છે. ચાઈનાના ઉદ્યોગ અને બજારમાં થોડીક ગેરરીતી જોવા મળેલ છે. ત્યાંની સરકારે ખાનગી રીતે આ બાબતનો અભ્યાસ કરવાનો અને હાલની પરિસ્થિતિનો કયાસ કાઢવાનું શરુ કરેલ છે. બીજા બધા દેશોની સરખામણીમાં ચાઈના એ મોટું અર્થ તંત્ર છે તે આપ બધા તો જાણો જ છો. જો તેઓ ખરેખર મુશ્કેલીમાં હોય તો આપણે તે વિષે વિચારવું જ જોઈએ.

### સાપ્તાહિક દ્રષ્ટિકોણથી ખરીદી ૦૭ જૂન થી ૧૧ જૂન ૨૦૧૦

| SCRIP | CLOSE | SUP. | RESIS. |
|---|---|---|---|
| AXISBANK | 1240 | 1211,1198 | 1258,1275 |
| BHEL | 2331 | 2296,2283 | 2345,2368 |
| DRREDDY | 1404 | 1381,1352 | 1418,1435 |
| GAIL | 460 | 458,447 | 468,473 |
| IBREEALEST | 157 | 153,148 | 159,162 |
| RCOM | 168 | 161,158 | 172,177 |
| RELIANCE | 1031 | 1022,1005 | 1049,1074 |
| SAIL | 201 | 199,196 | 204,209 |
| TATAPOWER | 1239 | 1224,1197 | 1253,1286 |
| UNIPHOS | 187 | 183,178 | 192,199 |

**ફક્ત હકારાત્મક પાસાં**

આપણી સરકાર સોમવારે એટલે કે તા. ૭મી જુને ઓઈલના ભાવ અને એકસાઈજ ડયુટીમાં ઘટાડા અંગે ડીરેગ્યુલેશન માટે ચર્ચા કરવા માટે એક મીટીંગ યોજી રહેલ છે. જો સરકાર આમાં કોઈ નિર્ણય લે તો લાંબા ગાળા માટે તે સારો નિવડશે.

**યુલીપ પોલીસીસ**

આરબીઆઈ અને ઈરડા યુલીપ પોલીસી માટે સુપ્રિમકોર્ટમાં વિવાદ ચલાવી રહેલ છે. જો સુપ્રિમ કોર્ટ વીમા કંપનીઓ વિરૂધ્ધ ચુકાદો આપશે તો બજારમાં ઘટાડો જોવા

અનુસંધાન પા.નં.૪ ઉપર

## ૭મી જુન થી ૧૧મી જુન સુધી બજારનો રિવ્યૂ

**નિફ્ટી (૫૧૩૬)**
**સેન્સેક્ષ (૧૭૧૧૮)**

### બજારનો રિવ્યૂ



પ્રકાશ ગાબા
મો. ૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http://www.prakashgaba.com

**તા. ૦૪.૦૬.૧૦**

અમો એ જણાવેલ કે 'ટેકનીકલી બજારમાં નિમ્નગતિ હાલમાં કેદમાં પુરાઈ ગઈ છે અને બજાર કેટલીક વધ-ઘટ સાથે પણ ૫૧૫૦ થી ૫૨૦૦ના ઝોન તરફ આગળ વધી રહેલ છે અને ટેકનીકલી જયાં સુધી તે ૫૦૦૦ ઉપરની સપાટીએ ટકી રહે ત્યાં સુધી ક્ષેમકૂશળ છે. ૫૦૦૦ની સપાટી એ મહત્વની ટેકાની સપાટી છે જે જળવાવી જોઈએ.'

આ સપ્તાહમાં બજાર અપેક્ષા મુજબ જ ચાલ્યું, અને નિફ્ટીએ ૫૧૪૮ની ઉંચી સપાટી દર્શાવી જે અમારા દર્શાવેલ ઝોન કરતાં માત્ર ૨ પોઈન્ટ જ ઓછી છે.

ટેકનીકલી લક્ષાંક સાધ્ય થયેલ છે. હવે જો બજાર ૫૧૫૩ ની સપાટી પર ટકી શકે તો આપણે ૫૨૨૦ ની સપાટી સુધીની ગતિ નિહાળી શકીએ. મહત્વની ધ્યાનઆપવા લાયક ટેકનીકલ સપાટી ૫૦૯૦ છે તેમ જ ૫૧૪૮ની પ્રતિકારક સપાટી છે.

નિફ્ટી માટેનો ટેકો ૫૦૯૦-૫૦૦૦ અને મજબુત પ્રતિકારક સપાટી ૫૨૨૦ છે.

સેન્સેક્ષ માટેનો ટેકો ૧૭૦૦૦ અને મજબૂત પ્રતિકારક સપાટી ૧૭૪૩૬ છે. ટ્રેડીંગની દ્રષ્ટિએ આ સંજોગોમાં ૫૦૯૦ની સપાટી ટકી રહે ત્યાં સુધી ખરીદી કરીને જાળવી રાખવી જોઈએ.

શેર બજારની એસ્ટ્રોલોજીકલ પ્રીડીક્શન માટે જૂઓ

http//:www.astrostocktips.in

મો. નં. ૯૮૧૦૦૧૮૪૩૮- ૯૮૧૦૦૫૬૫૪૩

## કેટલીક અગત્યની વ્યાખ્યાઓ

**કોલ ઓપ્શન :**

પ્રિમિયમના બદલામાં અમુક ચોક્કસ સમયગાળા માટે ચોક્કસ ભાવે શેર વેચવા અથવા તો ખરીદવાનો હક્ક

### ટ્રેડર્સ માટે ટેકનીકલ એનાલીસીસ



સંજય લાડ
મો. ૯૮૨૦૯૨૦૫૩૦

**કરેકશન :**

સામાન્ય શેર અથવા તો કોઈ એક શેરના ભાવમાં એકાએક આવેલ તિવ્ર રિવર્સલ, અથવા તો નિમ્નગતિ.કરેકશન મોટે ભાગે લાંબા ગાળાની ઉર્ધ્વગતિ અથવા તો નિમ્નગતિમાં ઉદ્ભવે છે. જેમાં શેરના ભાવ સીધેસીધા નીચે તરફ અથવા તો ઉપર તરફ ગતિ કરતા જણાય છે.

**ડાઉન રેઈડ :**

આ ટેકઓવર એટેમ્પ્ટમાં કોઈ ચોક્કસ વ્યક્તિ અથવા તો કોઈ કંપની શેરદલાલને સૂચના આપે છે કે જયારે પણ અમુક ચોક્કસ દિવસે શેરબજાર ખુલે ત્યારે અમુક કંપનીના શેર બજાર ભાવે ખરીદ કરવા. આ પાયા ઉપર આ શેર ખરીદનાર બીજા શેરહોલ્ડરોને તેમની ટેકઓવર બીડને પુરી કરવા માટે એક ખાસ આકર્ષક ઓફર કરતા હોય છે

**ફન્ડામેન્ટલ એનાલીસીસ :**

કંપનીની પાયાગત બાબતોનો અભ્યાસ કે જે શેરનું મૂલ્ય નક્કી કરે. એનાલીસ્ટ આ એનાલીસીસ માટે કંપનીના ઉદ્યોગ, કંપનીનું વેચાણ, મિલકતો, જવાબદારીઓ, દેવાનું માળખું, કમાણી, ઉત્પાદનો, બજારમાં તેનો હિસ્સો વગેરેનો અભ્યાસ કરે છે. કંપનીના સંચાલકોની કંપનીના હરિફો સાથેની ક્ષમતાનું મૂલ્યાંકન કરે છે અને ત્યાર પછી શેર સામેની મિલકતોનો પણ અભ્યાસ કરે છે.

ફન્ડામેન્ટલ એનાલીસીસનાં હથિયારો છે ઘણા વર્ષોનો કંપનીનાં સરવૈયાંનો અભ્યાસ, તેના નફા નુકશાનનો અભ્યાસ. આ અભ્યાસ દ્વારા કોઈ પણ કંપનીના શેરના ટૂંકાગાળાના વ્યૂહ કરતાં લાંબા ગાળાની પરિસ્થિતિનો સારો ખ્યાલ આવે છે અને તેથી આ શેરમાં રોકાણ કરવા વિચારી શકાય છે.

## ૫૦૦૦ની સપાટી નીચે નિફ્ટીનું ટ્રેડીંગ મંદીમય બજારનાં દ્વાર ખોલી નાખશે

### પ્રભાકર વ્યુ



પ્રભાકર
info@akprabhakar.com
akprabhakar.equity@gmail.com
www.akprabhakar.com

સતત બીજા સપ્તાહમાં પણ નિફ્ટીએ +૬૮ પોઈન્ટે હકારાત્મક બંધ આપ્યો અને છેલ્લા બે દિવસમાં નિફ્ટી એ ૨૦૦ ડીએમએ કે જે ૫૦૧૪ છે, અને ૧૦૦ ડી એમ એ કે ૫૦૯૪ છે તે પર બંધ આપ્યો, પરંતુ જે રીતે હજુ સુધી બંધના ધોરણે બજારે ૫૨૦૦ ની સપાટી વટાવી નથી તે જોતાં જો ચાલુ સપ્તાહે બજાર ૫૦૦૦ ની સપાટી નીચે કોઈ પણ ચાલ દર્શાવે તો એવી ધારણા કરાય કે આ મંદીમય બજાર છે. જો આપણે આ ધારણા કરીએ કે આ મંદીમય બજાર છે તો મારી ધારણા મુજબ પ્રથમ સપાટી ૪૫૦૦ તુરતમાં જ આવી શકે અને જો પ્રતિકૂળ સંજોગો હોય અને વૈશ્વિક બજારોની પરિસ્થિતિને અનુરુપ શકય છે કે બજારમાં વધુ ઘટાડો પણ આવી શકે. આ બધું બને જો બજાર ૫૦૦૦ નીચે રહે તો.

**નિફ્ટી**
**ટેકો :** ૫૦૬૫-૫૦૦૫-૪૯૨૦
**પ્રતિકારક સપાટી :** ૫૧૭૦-

અનુસંધાન પા.નં.૪ ઉપર

બજારના સમયે લાઈવ મેસેજ આપના મોબાઈલ પર

ફક્ત માસિક રૂ. ૧૦૦૦

એસએમએસ દ્વારા બજારની સલાહ મેળવો એક સાથે

ત્રિમાસિક ફી ભરનારને ૧૦ ટકા ડીસ્કાઉન્ટ વધુ

વિગત માટે : નરેન્દ્ર જોષી, મો.૯૮૨૫૦૬૫૩૮૭



## ખટ્ટા-મીઠ્ઠા સટ્ટા

- નિશેષ જાની (મો) ૯૫૩૭૨૦૧૯૭૭

**નમસ્કાર મિત્રો,**

ઘણા સમય બાદ સેન્સેક્સ અને નિફ્ટીએ મોમેન્ટમ ઈન્ડિકેટર આરએસઆઈ અને એમએસીડી અને વોલ્યુમ પ્રાઈઝ ઓપર્ચ્યુનિટી પર ડેઈલી ચાર્ટ પર બાાય સિગ્નલ આપેલું છે. ટાઈમ સીરીઝ પ્રમાણે ૧૧ જૂન ના રોજ ટ્રેન્ડ રિવર્સલ આવે તેવું લાગે છે. નીચે આપેલી પોઝીશન ત્યારે જ લેવી કે સોમવારે નિફ્ટી ૫૧૫૦ પર સતત એક કલાક સુધી રહે. મારી ધારણા મુજબ નિફ્ટી એ-બી-સી ફલેટ કરેકટીવ સ્ટ્રક્ચરમાં ૫૨૦૦ થી ૫૨૫૦ સુધી અને સેન્સેક્સ ૧૭૩૦૦ થી ૧૭૪૦૦ સુધી જઈ શકે છે.

(૧) **ટાટા સ્ટીલ :-** ૭૦૦ના ટોપ પરથી ૪૭૪ની બોટમ બનાવી હોય તેવું લાગે છે. ૪૭૦ ના સ્ટોપલોસથી ૫૨૦નો ટાર્ગેટ ધ્યાનમાં રખાય.
(૨) **સ્ટરલાઈટ ઈન્ડ. :-** ૬૩૦ના સ્ટોપલોસે ૭૦૦નો ટાર્ગેટ
(૩) **એસીસી :-** કરેક્ટિવ ફલેગ ચાલુ થયો છે. ૮૨૦નો સ્ટોપલોસ ટાર્ગેટ ૮૯૦-૯૨૦
(૪) **ક્રેઈન ઈન્ડિયા :-** હેડ એન્ડ સોલ્ડર બ્રેક આઉટ છે. ૨૮૦નો સ્ટોપલોસ ટાર્ગેટ ૩૩૦-૩૪૦
(૫) **આઈડીબીઆઈ બેંક :-** ૧૧૦ના સ્ટોપલોસે ૧૨૦-૧૨૩નો ટાર્ગેટ
(૬) **બેંક નિફ્ટી :-** અવરલી ચાર્ટ પર એ-બી-સી કરેક્શન પુરુ કરી ત્રીજા સબ માઈનોર અપવેવમાં છે. ૯૫૦૦-૯૬૦૦ સુધી જઈ શકે. તમે ૯૫૦૦નો કોલ ઓપ્શન ધ્યાનમાં રાખી શકો.

## નિફ્ટી હજુ પણ રેન્જ બાઉન્ડ નીચામાં ૪૯૫૦ અને ઉપરમાં ૫૧૫૦ બસ આ બે લેવલ ધ્યાનમાં રાખો

હિમાંશુ જાની

# તેજીનું મોટું ચિત્ર સેન્સેક્સ ૨૦૧૫-૨૦૧૬માં ૩૦,૦૦૦ થી ૩૫,૦૦૦ આવશે

**"ઈન્વેસ્ટરોનાં વિચારથી"**

મારા અગાઉના આર્ટિકલ મુબજ સેન્સોક્સનો લોંગ ડાઉન ૧૨૦૦૦ થી ૧૦,૦૦૦ સુધી આવવો જોઈએ.

ત્યાર બાદ સેન્સોક્સ ઉપરની ગતિએ ૨૦૧૫/૨૦૧૬ સુધીમાં ૩૦,૦૦૦ થી ૩૫,૦૦૦ સુધી આવવો જોઈએ

**જાની બ્રધર્સ રિપોર્ટ**



**નિશેષ એમ. જાની**
**મો. ૯૫૩૭૨૦૧૯૭૭**

એટલે કે સેન્સોક્સનો ટાર્ગેટ ૩૦,૦૦૦ થી ૩૫,૦૦૦ સાચો સાબિત કરવા માટે સેન્સોક્સો પહેલાં ડાઉન લેગ

| સેક્ટર | રૂપિયા (કરોડમાં) |
|---|---|
| પાવર | ૬૧૬૫૨૬ |
| રોડ | ૩૧૧૮૧૬ |
| ટેલિકોમ | ૨૬૭૦૦1 |
| રેલ્વે | ૨૫૫૦૦૦ |
| ઈરીગેશન | ૨૧૭૭૨૨ |
| સેનીટેશન | ૧૯૯૧૨૭ |
| પોર્ટ | ૭૩૯૪૧ |
| એરપોર્ટ | ૩૪૬૯૭ |
| સ્ટોરેજ | ૨૨૩૭૮ |
| ગેસ | ૨૦૫૦૦ |
| **ટોટલ** | **૨૦૧૯૭૦૯ કરોડ** |

એટલે કે ઘટાડો આપવો પડે અને તેના દ્વારા લાંબાગાળાની ટ્રેન્ડ રિવર્સલ પેટર્ન હેડ એન્ડ સોલ્ડર દ્વારા તેજીનો ટાર્ગેટ એચીવ કરવાનો છે.લાંબાગાળાના ઈન્વેસ્ટરો હવેના ઘટાડાનાં સમય દરમ્યાન સારી મ્યુચ્યુઅલ ફંડની સ્કીમમાં સીસ્ટેમેટીક ઈન્વેસ્ટમેન્ટ (એસઆઈપી) કરીનો ઘટાડે તેજીનાં લાંબાગાળાના ટાર્ગેટ માટે ઈન્વેસ્ટમેન્ટ કરી શકે.

તમે મનો ફોન કરીનો પાંચ સારી મ્યુચ્યુઅલ ફંડની સ્કીમનાં નામ મફતમાં પૂછી શકો છો તો રાહ શેની જૂઓ છો કરો મનો ફોન.

સેન્સોક્સનાં માસિક ચાર્ટ પર જયારે ત્રીજો વેવ ઉપરનો ૧૨૬૭૨ પર પુરો થયો અને ચોથો ડાઉન વૈવ નીચેનો ૮૭૯૯ બાન્યો ત્યારે ડાબા સોલ્ડરની બોટમ બાની ત્યારબાદ પાંચમો ઉપરનો વેવ ૨૧૨૦૬ પુરો થયો એ વેળા સોલ્ડરની પૂરી રચના થઈ ત્યાર બાદ એ-બી-સી ફલેટ કરેકશનનો એ લેગ ડાઉન ૭૬૯૯ સુધી ઘટયો અને ડિલેગ હું ધારી લઉં છું કે ૧૮૦૦૦ પર પુરુ થશે તો તે હેડ (માથું) ફોરમેશન બની ગયું. હવે લેગ ૭૬૯૯ની ઉપર પુરો થાય અને બજાર ડાઉન થિયરી મુજબ ઉપર જાય એટલે ઈન્વર્ટેડ હેડ એન્ડ સોલ્ડરની રચના પુરી થઈ કહેવાય..

**લાંબાગાળાનો ટાર્ગેટ એચિવ કરવા સેન્સેક્સે ૧૨,૦૦૦ થી ૧૦,૦૦૦ ઘટવું પડે**

હવે ઈન્વર્ટેડ હેડ એન્ડ સોલ્ડર ની રચના મુજબ સેન્સોક્સનો ટાર્ગેટ ૩૦,૦૦૦ થી ૩૫,૦૦૦ ૨૦૧૫-૨૦૧૬ સુધીમાં આવી શકે.

**ફંડામેન્ટલ એનાલિસીસ**

ઘણા વખત તમે ઈન્ડિયા ગ્રોથ સ્ટોરી વિશે સાંભળ્યું હશે અનો ટીવી પ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ પણ સાંભળી હશે અને લોકલ અને ઈન્ટરનેશનલ ફંડ મેનોજરોનાં ઈન્ટર્વ્યુ સાંભળ્યા અને વાંચ્યા હશે પરંતુ ૨૦૦૮માં બજાર ભાંગીનો ભુક્કો થઈ ગયું કે જે આપણે ટેક્નીકલી એનાલીસીસ આધારે ઘટાડો સૂચવે તો અને ત્યાર બાદ બજારનો આ વધારો પણ કેટલો અનો તો પણ ટેક્નીકલ એનાલિસીસ આધારિત.

નીચેના કોઠામાં ૨૦૦૭થી ૨૦૧૨ની અગિયારમી પંચ વર્ષિય યોજનામાં ગવર્નમેન્ટે કયા સેક્ટર માટે કેટલા રૂપિયા ખર્ચ કરવાની છે તે જણાવેલ છે.

હવે ટેક્નીકલ એનાલિસીસ અનો ફંડામેન્ટલ એનાલીસનું સંયોજન કરીએ.

ટેક્નીકલ એનાલિસીસ પ્રમાણે સેન્સોક્સ ૨૦૧૫-૨૦૧૬માં ૩૦,૦૦૦ થી ૩૫,૦૦૦ આવશે.

અગિયારમી પંચ વર્ષિય યોજના મુજબ ૨૦૦૭ થી ૨૦૧૨ સુધીમાં ૨૦૧૯૭૦૯ કરોડનું રોકાણ કરવામાં આવશે.

હવે જો રોકાણ જે રીતે પ્લાન કરેલું છે તે રીતે થાય તો ભારતની વિકાસ યાત્રામાં જોડાયેલી કંપનીઓનું

**સેન્સેક્સનું લાંબાગાળાનું એનાલિસીસ ખાસ ફાઈલમાં મૂકી રાખવું**

વેચાણ અનો નફો વધશે અનો નફો વધતા કંપનીઓનું રી રેટીંગ અને તેની સીધી અસર બજાર પર થાય અનો બજાર ૨૦૦૮ના વર્ષનો ૨૧૦૦૦નો હાઈ ભાવ પાર તોડી નાખશે.માટે ફંડામેન્ટલી કમાણી શેર બજારના સેન્ટીમેન્ટનો સુધારશે અને આપણે ૨૦૦૨ થી ૨૦૦૮ સુધી ચાલેલો તેજીનો દોર ફરી એકવાર જોઈ શકીશું

અહીયા પહેલાં એન્સિલરી કંપનીઓનો ફાયદો થશે ત્યારબાદ મેન્યુફેક્ચરિંગ અનો સર્વિસ પુરી પાડતી કંપનીઓને ફાયદો થશે.

# નિફ્ટી હજુ પણ રેન્જ બાઉન્ડ નીચામાં ૪૯૫૦ અને ઉપરમાં ૫૧૫૦ બસ આ બે લેવલ ધ્યાનમાં રાખો

વાંચક મિત્રો,
નિફ્ટી નમસ્કાર,

**DHAN WIN- "WINNER'S CHOICE"**



**હિમાંશુ જાની**
**મો. ૯૩૭૬૯૨૫૯૩૨**
email: dhanwinvestnents@gmail.com
WWW.DHANWIN.COM

મિત્રો આપણે વાત થઈ હતી કે બજાર એક રેન્જમાં રહેશે તો પછી કેવું રહ્યું સપ્તાહ મજા આવીને ? ૪૯૫૦ થી ક્યારે પાછી નિફ્ટી ૫૧૦૦ આવી ગઈ અને લો કરો વાત શુક્રવારે અમેરિકા અને યુરોપના બજારો તૂટ્યાં છે તો પછી સોમવારે નિફ્ટી ગઈ ૧૦૦ પોઈન્ટ અરપે પણ મિત્રો આ જ તો બજારનો ખલ છે. બસ જોયા કરો. બજારને ઉપર અને નીચેના કારણો મળી રહેશે. પંરતુ બજાર રેન્જબાઉન્ડમાં છે અને રહેશે. હવે જયારે પણ નિફ્ટી ૪૯૦૦ આવશે એટલે એક સારુ બહાનું મળી જશે ૫૧૦૦ સુધી આવવાનું અને આવું ચાલ્યા કરશે. આપણે પણ બજારની જોડે ચાલતા રહેવાનું. આમ અમારા એક મિત્ર કહે ત્રણ દિવસની તેજી કરે છે અને એક દિવસની મંદીમાં બધું સાફ કરી નાખે છે. પરંતુ કયો સ્ટોક વધ્યો અને કયો ઘટ્યો આ બધા ભાવ ત્યાંના ત્યાં જ છે. અરે સાહેબ આ જ તો રમત છે જે તમને રમતા આવડવી જોઈએ.

પરંતુ મિત્રો ધ્યાનથી જૂઓ મેટલ્સ અને રિયલ્ટી સેક્ટરના શા હાલ થયા છે. અને બીજી બાજુ બેંકિંગ અને ફાર્મા સેક્ટરમાં કેવી તેજી છે. મિત્રો આપણે વાત થઈ હતી મે મહિનામાં ઘટાડે આપ પીએસયુ બેંકના સ્ટોક્સ ખરીદવાના છે. જરાક નજર કરી લો ઘટાડેથી શું ભાવ આવ્યા છે. ૧૦ થી ૧૫ ટકાનું રીટર્ન છે એક મહિનામાં અરે પણ સાહેબ ૧૦ ટકામાં શું. આપે ક્યાંક મૂડી પતી જાય કે પછી એના ડબલ ફયુચર અને ઓપ્શનમાં રમીને મિત્રો મારે તમને એટલું કહેવું કે ટ્રેડીંગની રમત ખૂબ જ નાજુક બની ગઈ છે.

**હજુ પણ ઘટાડે બેંકિંગ અને ફાર્મા સેક્ટરના સ્ટોક્સ ખરીદો સલામતી ત્યાં જ દેખાય છે**

**હવે સોમવારે હંગેરીના અને અમેરિકાના ડેટા બજારને પાછળ પાડશે : બસ બજારનો ખેલ જોયા કરો ઉપર અને નીચેના કારણો મળી રહેશે**

અત્યારે તમારા બધા જ શસ્ત્રો કામે લગાડશો તો જ કમાશો. બાકી આ યુરોપ અમેરિકા પાછળ અહીં કેટલા લોકો પતશે એ મારે તમને કહેવાની જરુર નથી. અને બાકી જો તમારે બીન્દાસ ટ્રેડીંગ જ કરવું હોય તો આ રહ્યા લેવલ ગત સપ્તાહની એક્યુરેસી કેવી રહી.ચાલો નથી કર્યું આ સપ્તાહમાં જોઈ લેજો.

## TRADING LEVEL - 05 - June - 2010

| Sr_ No | Scrip Name | Close Price | Trade Type | Price Range | Tgt 1 | Tgt 2 | Tgt 3 | Stop Loss |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | NIFTY | 5135 | SELL | BELOW 5105 | 5060 | 5030 | 4980 | 5185 |
| 2 | NIFTY | 5135 | BUY | 4920-4960 | 5000 | 5035 | 5085 | 4880 |
| 3 | Bank Nifty | 9455 | SELL | BELOW 9390 | 9345 | 9300 | 9250 | 9485 |
| 4 | Bank Nifty | 9455 | BUY | 9150-9230 | 9300 | 9350 | 9400 | 9080 |
| 5 | ACC | 841 | BUY | 820-830 | 838 | 844 | 850 | 808 |
| 6 | AURO PHARMA | 834 | BUY | 820-826 | 835 | 842 | 850 | 815 |
| 7 | BANK OF INDIA | 334 | BUY | 325-328 | 334 | 338 | 342 | 318 |
| 8 | BHARAT ELEC | 1715 | BUY | 1680-1700 | 1724 | 1750 | 1783 | 1650 |
| 9 | BHARTI AIR TEL | 276 | BUY | 268-271 | 274 | 277 | 281 | 265 |
| 10 | CANARA BANK | 420 | BUY | 405-410 | 415 | 420 | 425 | 402 |
| 11 | DR REDDY | 1405 | SELL | 1400-1415 | 1380 | 1368 | 1345 | 1435 |
| 12 | GRASIM | 1772 | BUY | 1730-1750 | 1770 | 1790 | 1810 | 1710 |
| 13 | HCL TECH | 386 | BUY | 375-378 | 381 | 384 | 387 | 369 |
| 14 | HDFC BANK | 1865 | BUY | 1800-1820 | 1835 | 1860 | 1875 | 1790 |
| 15 | HERO HONDA | 1996 | SELL | 1990-2010 | 1970 | 1950 | 1935 | 2030 |
| 16 | HINDALCO | 147 | BUY | 141-143 | 147 | 149 | 151 | 139 |
| 17 | ICICI BANK | 865 | BUY | 828-834 | 840 | 848 | 854 | 818 |
| 18 | INFOSYS TECH | 2728 | SELL | 2715-2730 | 2700 | 2680 | 2650 | 2758 |
| 19 | JP ASSOCIATES | 122 | BUY | 115-118 | 121 | 123 | 125 | 112 |
| 20 | M&M | 585 | SELL | 580-590 | 575 | 568 | 560 | 596 |

# કરન્સી વોલેટીલિટીથી આંતરરાષ્ટ્રીય સોનામાં તેજી તરફી રૂખ જારી રહેશે

ગયા સપ્તાહમાં સોનાના ભાવ સતત ઉપરના લેવલ પર ટ્રેડ કરતા જોવા મળ્યા. જ્યાં યુરોપિયન યુનિયનના ચલણ યુરોમાં સતત ઘટાડો જોવા મળ્યું છે અને ચાર વર્ષના તળિયે ભાવ જોવા મળ્યા. તેમજ ડોલર ઈન્ડેક્ષ ચૌદ મહિનાના ઉચ્ચતમ સ્તર પર જોવા મળ્યો. જેના કારણે વોલેટેલિટીના માહોલથી સોનામાં સપોર્ટ જણાતો હતો. હાલ પુરતા સોનામાં ફંડામેન્ટલ તેજી તરફી છે. જ્યાં બીજી તરફ બેઝ મેટલમાં ઘટાડાનો દોર જોવા મળ્યું અને પેનિક સેલિંગથી વિવિધ મેટલ ઊંધા માથે પટકાયા. ક્રૂડ ઓઈલમાં દાયરામાં કારોબાર જોવા મળ્યો ચાંદીમાં બેઝ મેટલ પાછળ ઘટાડો જોવા મળ્યો.

**હોટ કોમોડીટીઝ**



**પ્રતિક સોની**
**મો. ૯૫૩૭૨૦૧૯૭૭**

**ક્રૂડનો કયાસ :** આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલમાં નીચેમાં ૭૨.૩૦ ડોલરથી ૭૦.૮૦ ડોલર સુધી ઘટાડો જોવા મળે. જ્યાં નીચેમાં ૬૭.૫૦ ડોલર આસપાસ સપોર્ટ છે. ઉપરમાં ૭૬ ડોલર નું રેજીસ્ટન્સ લેવલ છે ટૂંકાગાળામાં ૬૮ ડોલરથી ૭૬ ડોલરની રેન્જમાં ભાવ જોવા મળે. એમસીએક્સમાં ૩૩૦૦ થી ૩૫૪૦ ની રેન્જ ધ્યાનમાં રખાય. ટૂંકાગાળામાં ઉપરમાં વેચી નીચે ૩૪૦૦નો સપોર્ટ ધ્યાનમાં રાખવો જ્યાં નીચેથી લેણ માટે ૩૩૨૦નો સપોર્ટ ધ્યાનમાં રાખવો ઉપરમાં ૩૫૫૮ ની સપાટી પ્રતિકારક બની રહેશે.

**નેચરલ ગેસ :** કોમેક્ષ નેચરલ ગેસમાં ૪.૫૦ ડોલર ઉપરનું બ્રેકઆઉટ તેજી તરફી ધ્યાન છે. ઉપરમાં ૫.૨૦ ડોલર માટે ધ્યાન અપાય. એમસીએક્સમાં નીચેમાં ૨૧૦ના સપોર્ટ લેવલ થી ઉપરમાં ૨૨૮ થી ૨૩૫ ના ભાવ જોવા મળી શકે. ઘટાડે લેણ કરી વેપાર કરાય.

**તાંબામાં ટેકનીકલ લેવલ :** કોપરમાં ઘટતા નીચે ૨૯૨ થી ૨૮૫ માટે ધ્યાન અપાય. જ્યાં સપોર્ટ ૨૭૮ આસપાસ છે. ઘટાડા તરફી વલણ છે. ઉપરમાં ૩૭૫ આસપાસ વેચી વેપાર કરાય. જ્યાં નીચે લેણ માટે ૨૯૦નું લેવલ મહત્ત્વનું છે. ટૂંકાગાળામાં ૨૮૫ થી ૩૦૫ની રેન્જ માં ફરે.

**સોનાની સ્ટ્રેટેજી :** આંતરરાષ્ટ્રીય સોનામાં તેજીનો ટોન હજી જારી રહ્યો છે. જ્યાં સુધી સાપ્તાહિક બંધ ૧૧૭૦ ડોલર નીચે ના આપે ત્યાં સુધી સોનામાં તેજી તરફી રુખ રહેશે. હાલ પુરતું સાપ્તાહિક લેવલ પર ૧૧૮૦ ડોલરના સપોર્ટથી લેણમાં રહેવાય. ઉપરમાં ૧૨૨૨ ડોલરથી ૧૨૪૩ ડોલરના લેવલ જોવા મળે. ટૂંકાગાળાની રેન્જ ૧૧૮૦ ડોલરથી ૧૨૪૫ ડોલરની જોવા મળે. એમસીએક્સ સોનામાં નીચે ૧૮૨૬૦ નો પ્રથમ સપોર્ટ ધ્યાનમાં લેવો. જ્યાંથી ઉપરમાં ૧૮૬૬૦ થી ૧૯૦૧૦ ના ભાવ શક્ય છે.

સ્થાનિક બજારમાં કરન્સી મુવમેન્ટ પર નજર રાખવી જરુરી બની રહેશે.

**સ્થાનિક બજારમાં સોનાના ભાવ ૨૦૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામ સુધીની સંભાવના**

જેનો પ્રભાવ સોનાના ભવ પર જોવા મળે. ટૂંકાગાળા માં ૧૮૨૬૦ થી ૧૯૦૫૦ની રેન્જ ધ્યાનમાં લેવી.

**ચાંદીની ચાર :** આંતરરાષ્ટ્રીય ચાંદીમાં ૧૭.૦૪ ડોલરનો મહત્ત્વનો સપોર્ટ ધ્યાનમાં લેવો. જો તૂટે અને તેની નીચે બંધ આપે તો મોટું કરેક્શન ચાંદીમાં જોવા મળે. જે નીચેમાં ૧૫ ડોલર સુધીનો ભાવ દર્શાવે. ઉપરમાં ૧૮.૬૦ ડોલરનું રેજીસ્ટન્સ જણાશે. એમસીએક્સ ચાંદીમાં નીચે ૨૮૦૦૦નો સાયકોલોજીકલ સપોર્ટ છે. જેની નીચે બંધ આપતા ૨૭૫૦૦ જોવા મળે. ઉપરમાં ભાવ ૨૮૭૦૦ થી ૨૯૦૦૦ સુધી જઈ શકે.

# બજારોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ કંટ્રોલ થવાની શક્યતાએ સેન્ટીમેન્ટમાં સુધારો

**વિતેલા સપ્તાહે** બીએસઈ સેન્સેક્ષ (૧૭૧૧૭.૬૯) અને નિફ્ટી (૫૧૩૫.૫૦) બંન્ને ૧.૦૫ ટકા અને ૧.૦૩ ટકા વધી નો બંધ આવ્યા હતા.

**બુલેટ**



**નરેન્દ્ર નયનાની**
**મો. ૯૮૯૮૧૬૨૭૭૦**
nainaninarendra@Hotmail.com
Yahoo Messanger Id-narendranainani
www.narendranainani.blogspot.com

નિફ્ટી ફયુચર જૂન ૧૮.૨૫ પોઈન્ટના ડીસ્કાઉન્ટ માં હતો. નિફ્ટી જૂન ૫૨૦૦ ના કોલ ઓપ્શનમાં ભારે રસ જોવાયો હતો.

**સેન્સેક્ષમાં સપોર્ટ** ૧૬૮૫૦ **તથા રેજીસ્ટન્સ** ૧૭૪૦૦ જયારે **નિફ્ટીમાં સપોર્ટ** ૫૦૭૫ અને **રેજીસ્ટન્સ** ૫૧૯૦ નો છે.

ફેટપાઈપ નેટવર્ક્સ ઈન્ડિયાનો આઈપીઓ ૭ જૂન ૨૦૧૦ના રોજ ખૂલશે જેની પ્રાઈઝ બેન્ડ ૮૨-૮૫ નક્કી કરવામાં આવી છે. હિન્દુસ્તાન યુનિલિવરના બોર્ડે ૧૧ જૂન ૨૦૧૦ના રોજ શેરની બાયબેકની શક્યતા દર્શાવી છે.

આર કોમ અને ટાટા સ્ટીલના ઓપન ઈન્ટરેસ્ટમાં જૂન સિરીઝમાં રસ જોવાયો હતો. સુઝલોન ના જૂન ના કોલ ઓપ્શનમાં સ્ટ્રાઈક પ્રાઈઝ ૬૦ માં સારી પોઝીશન લેવાતી જોવા મળી છે. ટાટા સ્ટીલ માં કોલ ઓપ્શનમાં જૂન માસના સ્ટ્રાઈક પ્રાઈઝ ૫૦૦ પણ જોવા મળેલ છે.

**ફયુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧. બાલરામપુર ચીની (૮૨.૦૫)** લોટ સાઈઝ ૨૪૦૦ શેર

- જૂન માસના સ્ટ્રાઈક ભાવ ૮૦ થી ૫.૦૦ રૂા. ના ભાવે એક કોલ ઓપ્શન ખરીદો.
- જૂન માસના ૮૫ ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૩.૦૦ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

**ચુકવેલ પ્રિમિયમ** = ૫ ★ ૨૪૦૦= ૧૨૦૦૦.૦૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** = ૩.૦૦ ★ ૨૪૦૦ = ૭૨૦૦.૦૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૧૨૦૦૦.૦૦ - ૭૨૦૦.૦૦ = ૪૮૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૮૫ - ૮૦ = ૫ ★ ૨૪૦૦ = ૧૨૦૦૦ -૪૮૦૦.૦૦ = ૭૨૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : = ૭૨૦૦.૦૦ રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ** : = ૮૨.૦૦

**૨. આઈડીબીઆઈ (૧૧૪.૮૫)** : જૂન માસ ફયુચર લોટ સાઈઝ ૨૪૦૦ શેર

- રૂ. ૧૧૪.૮૫ ના ભાવથી જૂન માસ ફયુચરનો એક લોટ ખરીદો.
- **વેચો એક કોલ ઓપ્શન** : જૂન માસ સ્ટ્રાઈક ભાવ ૧૨૦ થી રૂ. ૧.૭૦ ના ભાવે

**મેળવેલ પ્રિમિયમ** : = ૧.૭૦ ★ ૨૪૦૦ = ૪૦૮૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૧૨૦ - ૧૧૪.૮૫ = ૫.૧૫ ★ ૨૪૦૦ = ૧૨૩૬૦ - ૪૦૮૦.૦૦ = ૧૬૪૪૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : અસિમિત

**૧. એસ્સાર ઓઈલ** (૧૨૯.૦૫) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. લ્યુપીન** (૧૮૫૧.૨૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**નવા આઈપીઓ અનુસંધાન પા.નં.૬ નું ચાલુ**

૩.૧૬ ૪૧.૯૯ કરોડ વેચાણ કરેલ છે. જયારે ના.વ. ૯-૧૦ના ૯ માસમાં ૪૫.૮૯ કરોડ વેચાણ કરેલ છે. આમ ન.વ. ૨૦૦૮ અને ના.વ.૨૦૦૯ ના વેચાણમાં ખૂબ જ મોટો તફાવત છે. ચોખો નપો ૨૦૦૬થી ૨૦૦૯ દરમ્યાન અનુક્રમે .૦૬, .૩૧, .૧૭ ૩.૯૯ કરોડ તેમજ ૨૦૦૯-૨૦૧૦ના ૯ માસમાં ૫.૨૦કોડ કરેલ છે. આમ છતાં શેર દીઠ આવક ના.વ. ૨૦૦૬ થી ૨૦૦૯ દરમ્યાન ૬૪.૪૦, ૩૦૫.૮૦, ૧૬૯.૯૦, ૩૦૭ અને ૩.૦૭ અને ૩.૯૯ થયેલ છે.

આ કંપનીએ તેના શેર માટેનું પ્રાઈઝ બેન્ડ ૮૨ થી ૮૫ રાખેલ છે. જે મુજબ પીઈ રેશિયો ૨૨-૨૩ થાય છે. તેમજ ઈસ્યુ પચીની શરેદીઠ આવક ( રૂા. ૮૫નો ભાવ ગણતાં) રૂા. ૩.૬૯ થનાર છે. ના.વ. ૨૦૦૯-૧૦ માટે આ કંપનીએ જે મિલકતો દર્શાવી છે એક નકારાત્મક બાબત છે.તેમજ આ કંપની હાલમાં તીવ્ર હરિફાઈમાંથી પસાર થઈ રહી ચે. આ ઉપરાંત આ કંપનીએ આજ સુધી કોઈ ડીવીડન્ડ પણ ચૂકવેલ નથી. તેમજ સરકારશ્રીના, કંપનીઓમાં ઓછામાં ઓછા ૨૫ ટકા હોલ્ડીંગે માટેના નિર્ણય અનુસાર ઘણી કંપનીઓ ડીવેસ્ટ કરશે અને પબ્લિક ઓફર લઈને આવશે. દા. ત. વિપ્રો ૧૦ ટકા,આર પાવર ૧૫ ટકા, જેટ એરવેઝ, ડીએલએફ, મુંદ્રા વગેરે પણ ડીવેસ્ટ કરે તેથી આઈપીઓ (એફપીઓ) માં અરજી કરવાની સારી તકો પણ ઉપલબ્ધ થાય તેમ હોવાથી આ ઈસ્યુથી દૂર રહેવું હિતાવહ રહેશે.

# યુરોની કટોકટી ચાલુ જ રહેશે

**તા. ૦૫.૦૬.૨૦૧૦**

વૈશ્વિક બજારોની ઉચ્ચતમ ચંચળતાને કારણે ભારતીય બજાર પણ ખૂબ મોટા ઝોલા ખાઈ રહેલ છે અને એક દારૂ પીધેલા દારુડીયા જેવી વર્તણૂક દર્શાવી રહેલ છે. આપણું બજાર વૈશ્વિક બજારો પાસેથી પ્રેરણા લે છે અને તેથી ગત સપ્તાહે તેની અસંગત


**લાયન રો'ર**

**લાયન**

roar_lion@yahoo.com


વર્તણૂક ચાલુ જ રાખી અને ૧-૨ ટકા ઉપર ગયુ અને પછીના દિવસે ૧-૨ ટકા તૂટયું. જેમ જેમ દિવસો વીતે છે તેમ તેમ આ સહસંબંધ વિકસતો દેખાય છે.

યુરોની કટોકટીને કારણે મંગળવારે બજારે ૨૦૦ ડીએમએની સપાટી તોડી અને તે નીચે બંધ આપ્યો. જયારે એમ લાગતું હતુ કે બજાર તેનું આ કરેકશન ચાલુ જ રાખશે ત્યારે જ વૈશ્વિક બજારોએ તેજી દર્શાવી અને આપણા બજારે પણ તેની પાસેથી પ્રેરણા લઈ હકારાત્મકતા દાખવી અને ફરી તેજી તરફી ગતિ દર્શાવી. આપણાં બજારો માત્ર ૨૦૦ ડી એમ એ પર ટકેલ છે એટલું જ નહીં, બજારોએ ૧૦૦ ડીએમની સપાટી પણ વટાવી દીધેલ છે. હવે બજારે ૫૦ ડી એમ એ ને સ્પર્શ કરવાનો છે. (સેન્સેક્ષમાં ૧૭૨૫૫ અને નિફ્ટીમાં ૫૧૭૨) જે જોગાનું જોગ ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી લગોલગ છે. (સેન્સેક્ષમાં ૧૭૧૯૦ અને નિફ્ટીમાં ૫૧૭૭) અને અગાઉના ઘટાડાના રિટ્રેસમેન્ટના (સેન્સેક્ષ ૧૭૨૫૦ અને નિફ્ટી ૫૧૬૫) ૬૧.૮ ટકા છે.

આમ જ્યારે સપ્તાહના છેલલા ત્રણ દિવસોમાં આપણાં બજારો આગળ વધી સફળતાના તેજીભર્યા માર્ગ પર આગળ વધી રહેલ છે ત્યારે જ વૈશ્વિક બજારો હવે નીચે તરફ ઢળતાં લાગે છે. હવે કટોકટી પૂર્ણ યુરોપમાં ફેલાશે તેમ જણાઈ રહેલ છે, તેથી એવી દલીલ કરી શકાય કે હવે ઉર્ધ્વગતિ પૂર્ણ થયેલ છે અને આપણાં બજારો ફરી વૈશ્વિક બજારોને જ અનુસરશે. જો ઈન્ડેક્ષ ૨૦૦ ડી એમ એ (સેન્સેક્ષમાં ૧૬૮૦૪ અને નિફ્ટી ૫૦૧૪) તોડશે તો પછી કરેકશનની સપાટી સેન્સેક્ષમાં ૧૬૩૦૨-૧૬૧૦૭-૧૫૮૫૮ અને નિફ્ટીમાં ૪૯૦૩-૪૮૪૮-૪૭૭૦ હોઈ શકે.

**ટેકનીકલ વાત**

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૧૬૮૭૩ પોઈન્ટથી થઈ, આ પછી સેન્સેક્ષે ૧૭૧૫૦ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૬૩૧૮ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૭૧૧૭ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો.આ રીતે સેન્સેક્ષે સાપ્તાહિક ધોરણે ૨૫૪ પોઈન્ટની વૃધ્ધિ દર્શાવી.

આ જ રીતે નિફ્ટીએ પણ શરૂઆત ૫૦૭૬ પોઈન્ટથી કરી, ૫૧૪૭ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૪૯૬૧ની નિમ્ન સપાટી દર્શાવી અને ૫૩૧૫ ઉપર બંધ આપ્યો. નિફ્ટીએ પણ સાપ્તાહિક ધોરણે ૬૯ પોઈન્ટના ઘટાડા સાથે સાપ્તાહિક બંધ આપ્યો.

સાપ્તાહિક ચાર્ટ પર સેન્સેક્ષ અને નિફ્ટી બંને ઈન્ડેક્ષોએ નીચે તરફના લાંબા શેડો સાથે સફેદ કેન્ડલની રચના કરેલ છે જે નીચેની સપાટીએથી પુલબેક દર્શાવે છે. રોજીંદા ચાર્ટ પર બંને ઈન્ડેક્ષોએ ફરી એક વાર થ્રી વ્હાઈટ શોલ્જર્સ પેટર્નની રચના કરેલ છે.

એમ એ સી ડી અને આર ઓ સી બંને સંકેતકોએ ખરીદીના સંકેત આપેલ છે અને ઉપર તરફ ગતિ કરી રહેલ છે. ઓબીવીએ તેમ જ આર એસ આઈ અને એમ એફ એલ એ પણ ખરીદીના સંકેત આપેલ છે. ખાલી દીશા સુચક સંકેતકોએ તેમનો સેલ મોડ દર્શાવવાનું ચાલુ જ રાખેલ છે પરંતુ -ડીઆઈ હવે + ડીઆઈમાં રુપાંતરિત થઈ રહેલ છે, જો આ પ્રક્રિયા ચાલુ રહે તો તે હકારાત્મક બાબત છે. સ્ટોકેસ્ટિક ઓસીલેટરે પણ ખરીદીના સંકેત આપેલ છે અને હવે તે ઓવરબોટઝોનમાં ગતિ કરી રહેલ છે. તેથી અહીં સાવચેતી રાખવાની જરુર છે.

આ પુનઃરચનામાં સેન્સેક્ષ અને નિફ્ટી બંનેએ તેમના કરેકશન માર્કના ૫૦ ટકા (સેન્સેક્ષમાં ૧૭૦૦૩ અને નિફ્ટીમાં ૫૦૯૨) ઉપર બંધ આપેલ છે અને હવે તે આ જ રસ્તા પર ૬૧.૯ ટકા સપાટી (સેન્સેક્ષમાં ૧૭૨૫૦ અને નિફ્ટીમાં ૫૧૭૨) હાંસલ કરવા આગળ વધી રહેલ છે. આ સપાટી જોગાનું જોગ ૫૦ ડીએમએ (સેન્સેક્ષમાં ૧૭૨૫૫ અને નિફ્ટીમાં ૫૧૭૨) અને ટ્રેન્ડલાઈન રેજીસ્ટન્સ (સેન્સેક્ષમાં ૧૭૧૯૦ અને નિફ્ટીમાં ૫૧૭૭)લગોલગ છે. તેથી સેન્સેક્ષમાં ૧૭૧૯૦-૧૭૨૫૫ અને નિફ્ટીમાં ૫૧૬૫-૫૧૭૭ની મજબૂત પ્રતિકારક સપાટીની અપેક્ષા રાખી શકાય. અગાઉના ટોપને (સેન્સેક્ષમાં ૧૮૦૪૭ અને નિફ્ટીમાં ૫૩૯૯) સ્પર્શવા માટે હાલની તેજીની ચાલ આ રેજીસ્ટન્સ ઝોનમાં બંધ આપે તે જરુરી છે.

જો થોડા લાંબા ગાળાના દ્રષ્ટિકોણથી સેન્સેક્ષની કરેકશનની સપાટી ૧૩૨૧૯-૧૮૦૪૭ તરફ નજર કરીએ તો કરેકશન સપાટી ૧૬૨૦૩-૧૫૬૩૩-૧૫૦૬૩ હોઈ શકે. તે જ રીતે જો નિફ્ટીમાં પણ ૩૯૧૮ થી ૫૩૯૯ ની સપાટીને ધ્યાને લઈએ તો કરેકશન સપાટી ૪૮૩૩-૪૬૫૯-૪૪૮૪ હોઈ શકે. સેન્સેક્ષ અને નિફ્ટી બંનેએ બે સપ્તાહ પહેલાંથી બાઉન્સ બેક થયા પહેલાં ૩૮.૨ ટકાનું કરેકશન દર્શાવેલ હતું. સેન્સેક્ષે ૧૫૯૬૦ની સપાટીએથી અને નિફ્ટીએ ૪૭૮૬ની સપાટીએથી બાઉન્સબેક દર્શાવેલ હતું. તાત્કાલિક અગ્રતાના મોરચે આ કરેકશન સેન્સેક્ષમાં ૧૬૩૫૨-૧૬૧૦૭-૧૫૮૫૮ અને નિફ્ટીમાં ૪૯૧૩-૪૮૪૦-૪૭૭૦ હોઈ શકે.

નિફ્ટી ઓ આઈ પી સી આરએ ૧.૬૩ પોઈન્ટ મજબૂત સપાટીએ છે.જે દર્શાવે છે કે બજાર તેની ટ્રેડીંગ રેન્જની ઉપરની સપાટી નજીક છે. ૫૦૦૦ અને ૪૯૦૦ ના સ્ટ્રાઈક ભાવે મજબૂત પુટર રાઈટીંગ જોવા મળી રહેલ છે. જે ઘટાડા સમયે મજબૂત ટેકાની સપાટી તરીકે કાર્ય કરી શકે. ૫૨૦૦ની સપાટીએ કોલ રાઈટીંગ જોવા મળેલ છે જે પ્રતિકારક સપાટી તરીકે કાર્ય કરી શકે.

સેન્સેક્ષની મજબૂત ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૧૭૧૯૦ અને ટેકાની સપાટી ૧૬૩૧૯-૧૬૦૪૩ છે.

નિફ્ટીની મજબૂત ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૫૧૭૭ અને ટેકાની સપાટી ૪૯૦૦-૪૮૪૧ છે.

**આગામી સપ્તાહ માટે સેન્સેક્ષનો સપોર્ટ ૧૬૮૦૮-૧૬૫૭૭-૧૬૩૧૮ છે જયારે પ્રતિકારક સપાટી ૧૭૨૭૬-૧૭૪૯૩-૧૭૬૭૬ છે. આગામી સપ્તાહ માટે નિફ્ટીનો સપોર્ટ ૫૦૪૭-૪૯૬૬-૪૯૦૮ છે જયારે પ્રતિકારક સપાટી ૫૧૭૭-૫૨૩૫-૫૨૯૪ છે.**

### સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 4908 | 4966 | 5047 | 5135 | 5177 | 5235 | 5294 |
| Sensex | 16318 | 16577 | 16808 | 17117 | 17276 | 17493 | 17676 |

### ગત સપ્તાહની ભલામણો પર એક નજર

| STOCK | RECO. PRICE | TGT | REACHED | LOT SIZE | PROFIT |
|---|---|---|---|---|---|
| BUY BGR | 593 | 632 | 668 | 400 | Rs.30,000 |
| BUY BALRAMCH | 80 | 84 | 83 | 2400 | Rs.7,200 |
| BUY APOLLOTYR | 70 | 74 | 73 | 3400 | Rs.10,200 |
| BUY DIVIS | 732 | 750 | 758 | 620 | Rs.16,120 |
| BUY ALSTOM | 588 | 615 | 616 | 600 | Rs.16,800 |
| | | | | TOTAL | Rs.80,320 |
| | | | | PROFIT | Rs.1,09,275 |

### આગામી સપ્તાહ માટે ભલામણ

| STOCK | CMP | SL | TGT-1 | | TGT-2 |
|---|---|---|---|---|---|
| SELL TATA STEEL | | 485 | 492 | 469 | 452 |
| SELL JINDAL STEEL | | 629 | 641 | 612 | 595 |
| SELL CENTURYTEX | | 445 | 452 | 430 | 407 |
| SELL STERLITEIND | | 648 | 658 | 626 | 601 |
| SELL HINDZINC | | 965 | 980 | 933 | 896 |

# આ સપ્તાહે નાણાકીય અને ઓટો સેકટર ખૂબ સારો દેખાવ કરશે

**તા. ૭મી જુન થી ૧૧મી જુન, ૨૦૧૦**

**સપ્તાહ દરમ્યાન ગ્રહોની સ્થિતિ**

સપ્તાહ દરમ્યાન ચંદ્રમા મીન, મેષ અને વૃક્ષભ રાશીમાં, સૂર્ય અને બુધ વૃષભ રાશીમાં, શુક્ર મીથુન રાશીમાં, મંગળ સિંહ રાશીમાં પરિભ્રમણ કરશે. કેતુ મિથુનમાં, શનિ કન્યામાં, રાહુ અને પ્લુટો ધન રાશીમાં, નેપચ્યુન કુંભ રાશીમાં પરિભ્રમણ કરશે. ગુરુ અને યુરેનસ મીન રાશીમાં રહેશે. શુક્ર ૯ જુનને ૧૦ કલાકે કર્ક રાશીમાં પ્રવેષશે.


**એસ્ટ્રોલોજી અને સ્ટોક માર્કેટ**



**સતિષ ગુપ્તા**

**મો. ૦૯૮૧૧૭૩૮૩૬૬**

**૦૯૮૧૦૦૧૮૪૩૮**

http://www.astrostocktips.in

E-mail : astrostocktips@rediffmail.com


**આ સપ્તાહ દરમ્યાન નાણાકીય ક્ષેત્રને મજબૂત એસ્ટ્રોલોજીકલ સહયોગ મળવાનો ચાલુ જ રહેશે. આ સેકટરમાં એલ આઈ સી હાઉસીંગ, રિલાયન્સ કેપિટલ, બેંક ઓફ ઈન્ડિયા, અલ્હાબાદ બેંક, એચ ડી એફ સી, આઈ એફ સી આઈ વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરવું હિતાવહ રહેશે.**

**આ જ રીતે ઓટો ક્ષેત્ર પણ ઉત્તમ એસ્ટ્રોલોજીકલ સપોર્ટ મેવી રહેલ છે. આ ક્ષેત્રમાં મારુતિ, એમ એન્ડ એમ, એસ્કોર્ટસ, ટીવીએસ મોટર્સ અને હીરો હોન્ડા પર ધ્યાન આપવું.**

**ફાર્મા સેકટરમાં પણ એસ્ટ્રોલોજીકલ પરિસ્થિતિ ખૂબ સારી છે. સન ફાર્મા, ડો. રેડ્ડીસ લેબ, સિપલા, ઓરબીંદો, આઈ પી સી એ લેબ અને ડેવીસ લેબ ધ્યાન આપવા લાયક રહેશે.**

**ગત સપ્તાહની આગાહી :**

ગત સપ્તાહે અમોએ જણાવેલ કે નાણાકીય શેરમાં સારી માંગ રહેશે. એસ્ટ્રોલોજીકલ પોઝીશન એટલી મજબૂત હતી કે આ સેકટરના મોટા ભાગના શેર ખૂબ સારી વૃધ્ધિ સાથે બંધ આવ્યા. બેંકીંગ ક્ષેત્રમાં એસબીઆઈ, દેના, ઈન્ડિયન બેંક, યુનિયન બેંક, યસ બેંક, બેંક ઓફ મહારાષ્ટ્ર અને વિજય બેંક ૫.૫ ટકા થી ૧૨ ટકા જેટલા વૃધ્ધિ પામ્યા. નાણાકીય ક્ષેત્રમાં એલ આઈ સી હાઉસીંગ, આઈ એફ સી આઈ અને આઈ ડી એફ સી પણ ૬ ટકા જેટલા વૃધ્ધિ પામ્યા.

શીપીંગમાં એસસીઆઈ, જીઈ શીપીંગ અને પીપાવાવ શીપયાર્ડ ૩ થી ૬ ટકા જેટલા વધ્યા. ટાઈટન અને મેકડોવેલ પણ ૪ થી ૭ ટકા જેટલા વધ્યા.

**જે સેકટર મજબૂત એસ્ટ્રો સહયોગ મેળવે છે તે સામાન્ય રીતે નિમ્નગતિમાં ખાસ અસરકૃત થતાં નથી.**

**નોંધ : અમે જે સેકટર માટે આગાહી કરી હોય તે બધાં જ સેકટર એક સાથે એક જ દિવસે સારો દેખાવ કરે તે જરુરી નથી.**

**ટ્રેડીંગ દ્વારા પૈસા બનાવવા બહુ જ કઠીન છે, તેથી અમો પોઝીશનલ ટ્રેડ માટે સલાહ આપીએ છીએ. પરંતુ જો કોઈને એક જ દિવસમાં નફો મળે તો નફો બુક કરી લેવો હિતાવહ રહેશે.**

## ખાસ સાવચેતી

નવી સંવત ૨૦૬૭ (હિન્દુના નવા વર્ષ મુજબ) ૧૬મી માર્ચ ૨૦૧૦થી શરુ થયેલ છે. જયારે આ નવી સંવત શરુ થઈ છે ત્યારે અવકાશી ગ્રહોની સ્થિતી, સંયોજન અને દ્રષ્ટિએ જોઈએ તો, કેટલાંક નવાં સેકટર ખૂબ સારો દેખાવ કરશે અને ઘણાં સેકટર કે જે છેલ્લી સંવત દરમ્યાન ખાસ ગતિમાં હતાં તે નબળો દેખાવ કરશે.

ઘણી વખત એવું જોવા મળેલ છે કે રોકાણકારો / વ્યાપારીઓ (જેઓ સાચી હકીકત જાણતા નથી) આવા સેકટરમાં રોકાણ કરવાનું અથવા તો ટ્રેડીંગ કરવાનું ચાલુ જ રાખે છે. (કે જે ક્ષેત્રનો જયોતિષિય સહયોગ પૂર્ણ થઈ ગયેલ છે) તે નુકશાનમાં પરિણમે છે.

દા ત ખાંડના શેરો કે જેની આગાહી અમારા દ્વારા ૧૨ માસ પહેલાં કરવામાં આવી હતી, તેમાં આ સંવત શરુ થયા પછી નિમ્નગતિ જોવા મળી, જયારે નિફ્ટીએ પર સપ્તાહની નવી ઉંચાઈ દર્શાવી. આ જ રીતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેકટરમાં ગત સંવત દરમ્યાન ભવિષ્ય માટે સરકાર દ્વારા સારામાં સારું આયોજન કરવામાં આવ્યું, સારા ઓર્ડરો મળ્યા, સારામાં સારું રિઝલ્ટ આવ્યું, આમ છતાં આ સેકટર સારો દેખાવ કરી શકેલ નહી.

તેથી આ ખાસ ચેતવણી આપતાં અમારી સલાહ કે દરેક વર્ષે જયારે નવી સંવત શરુ થાય ત્યારે કોઈ પણ રોકાણ કરતાં પહેલાં અથવા તો વ્યાપાર માટેનો નિર્ણય કરતાં પહેલાં તમારા નાણાકીય જયોતિષિનો સંપર્ક સાધો.

**આ નવા સંવતમાં પેપર સેકટર પણ ખૂબ સારો દેખાવ કરશે.**

## ન્યુઝ ટ્રેક

### સોનુ ફરી ભાવ વધ્યો ૧૦ ગ્રામે ૩૮૦ રૂા. વધ્યા

સોનુ (૧૦ ગ્રામ)ના ભાવ ૧૮૬૨૦ રૂા. હતા તે વધીને ૧૯૦૦૦ રૂા. થયા. બિસ્કીટે ૩૮૦૦નો ઉછાળો નોંધાયો હતો. સુત્રોના જણાવ્યા પ્રમાણે સોનાના ભાવોમાં ત્રણ દિવસ મંદી રહ્યા બાદ ગઈકાલે મોડી રાત્રે પુનઃ સોનાના ભાવો વધ્યા હતા. એક જ ઝાટકે રૂા. ૩૮૦નો ઉછાળો થતા સોનુ સ્ટાન્ડર્ડ (૧૦ ગ્રામ) ના ભાવ રૂા.૧૯૦૦૦ ની સપાટીએ પહોંચ્યા હતા. બુલિયન માર્કેટમાં સોનાનો ભાવ ૧૨૦૬ ડોલર હતો તે વધીને મોડી રાત્રે ૧૨૨૦ ડોલર થતા સ્થાનિક બજારમાં સોનાનો ભાવ ઉછળીને ૩૮૦ થયો હતો.જ્યારે સોનાના બિસ્કીટમાં (૧૦૦ ગ્રામ) ના ભાવ ૧૮૬૨૦૦ રૂા.વધીને ૧૯૦૦૦૦ થયા હતા.

### ઓરા વર્ષગાંઠ સેલનું ફરી આગમન

અમદાવાદ, ઓરા-ભારતની સર્વશ્રેષ્ઠ અને અનન્ય ડાયમંડ જ્વેલરી રિટેલ ચેન. ડિઝાઈનમાં અગ્રણી અને પ્રોડક્ટમાં નવીનતા લાવનાર ઓરા ખૂબ સુંદર કારીગરીવાળી બેલ્જિયન ડાયમંડ જ્વેલરી વેચે છે. પાછલા થોડાંક વર્ષોમાં સોનાના ભાવોમાં સતત વધારો થયો છે. આ બાબત ધ્યાનમાં રાખતા ઓરા ગ્રાહકોને સુંદર ડિઝાઈનવાળી જ્વેલરી ખરીદવાની મોટી



તક આપે છે. **બીજા જ્વેલર્સ જ્યાં માત્ર ઘડતર પર જ ડિસ્કાઉન્ટ આપે છે, ની સામે ઓરા જ્વેલરીની પૂરી કિંમત પર ૨૫% ડિસ્કાઉન્ટ આપે છે. આના સિવાય સોનાના સિક્કા પર બારના ઘડતરમાં ૫૦% છૂટ મળશે. છૂટનો લાભ જૂન ૪થી જુલાઈ ૪, ૨૦૧૦ સુધી લઈ શકાશે.** અમારા સુંદર બુટ્ટીઓ, પેન્ડેન્ટ, વીંટી, બંગડીઓ તથા ચુનીના આખા કલેક્શન પર સેલ છે. સોના તથા વિરલ અને સુંદર પ્લેટિનમમાં અમારી પ્રાચીન તથા અતિઆધુનિકમાંથી પસંદગી કરો. **ઓરાના સીઈઓ શ્રી વિજય જૈનના જણાવ્યા મુજબ "અમે માનીએ છીએ કે અમારી સફળતાનું રહસ્ય નવીનતા છે. અને અમારી વિશાળ શ્રેણીની સાથે નવી ડિઝાઈનો છે. રૂા. ૫૦૦૦થી શરૂ થતી જ્વેલરી બધા માટે કંઈક વિશેષ છે.**ર્ ઓરાનું રાજા કલેક્શન પ્રખ્યાત કલાકાર રાજાના સહયોગથી રજૂ કરવામાં આવ્યું છે. આ કલેક્શનમાં રાજાની પેન્ટિંગવાળા મર્યાદિત ડાયમંડ પેન્ડેન્ટ છે. જેમાં કલાકારના હસ્તાક્ષર પણ છે. ઓરા ક્રાઉન સ્ટાર બેલ્જિયનનું થોડાં સમય પહેલાં એચઆરએચ બેલ્જિયમના પ્રિન્સ ફિલિપે ઉદ્ઘાટન કર્યું હતું. પારંપરિક ૫૭ પાસાવાળાં હીરાની સરખામણીમાં ૧૦૦ પાસાવાળા હીરાની અજોડ ચમક હોય છે. સંપૂર્ણ સપ્રમાણતાવાળા ઓરા ક્રાઉન સ્ટાર ડાયમંડની દુનિયામાં નવીનતા છે.

**તંત્રી લેખ અનુસંધાન પા.નં.૭ નું ચાલુ**

રોકાણકારો ખાસ અમુક ઉદ્યોગના શેરોમાં જ રોકાણ કરશે. કારણ કે તેમાં ઊંચુ વળતર છે દા. ત. ઈન્ફ્રાસ્ટ્રક્ચર

ત્યારે આવી કંપનીઓના પ્રમોટર બજારની ખેરખાંઓ સાથે ખાસ કરીને ઓપરેટરો સાથે સાંઠગાંઠ કરે છે. કેટલાક કહેવાતા એનાલિસ્ટો પણ આમાં ભાગ ભજવે છે. અને બીજી કંપનીઓ સાથે સહયોગ મોટા ઓર્ડર ખૂબ જ નહો. વગેરે વાતો વહેતી કરે છે. નહાના આંકડા બનાવટી નિકાસના આંકડા દ્વારા અથવા તો મિલકતોના વેચાણ દ્વારા મોટા બનાવવામાં આવે છે. આ કારણે મિલકત ઓછી થાય તો પણ શેર દીઠ આવક વધતી જોવા મળે છે અને શેરના ભાવ ભાવ બીજી કંપનીઓ કરતાં સરખામણીમાં ઓછા જણાય છે. અને તેથી આ શેર જોરદાર વધશે તેમ માની ખૂબ સારી ખરીદી ગણાય છે.

આ પછી કેટલાક માર્કેટ ઓપરેટર આ શેરના ભાવ વોલ્યુમ ઊંચકે છે. ટૂંક સમયમાં જ શેરના ભાવ ૩ થી ૫ ગણા કે તેથી પણ વધુ થઈ જાય (આકૃતિને યાદ કરો) આ પછી પ્રમોટર લાભ લેવા આગળ આવે. ઊંચા ભાવે તેમનો અમુક હિસ્સો વેચી નાખે. આ પછી શેરના ભાવ એકાએક નીચે જાય. અને રોકાણકાર પાસેનો શેર કુલ રોકાણના ૧૫ થી ૨૦ ટકા થઈ જાય. આ પછી પ્રમોટર નીચા ભાવે પોતાનો હિસ્સો પરત પણ મેળવી લે. ધીના ઠામમાં ઘી પછી જાય અને ભોળો રોકાણકાર છેતરાય જાય.

તેથી જે શેરનો ભાવ એકદમ વધે તેમાં હમેશા રોકાણ ટાળો. જે શેરમાં વધારે ચઢ ઉતર નથી થતી તે જ રોકાણ કરવા માટેનો આદર્શ શેર છે તે સમજો. આવા ઓપરેટર બેઈઝ રોકાણમાં મોટેભાગે નફો ટર્નઓવર, પીઈ રેશિયો, વગેરે ફન્ડામેન્ટલ જોઈને રોકાણ કરતા રોકાણકારો વધારે ફસાય છે અને શેર બજારનો માર્ગ પણ ભૂલી જાય છે.

માટે ભાઈઓ, સાવચેત રહો આવા સ્કેમરોથી, રાતો રાત કરોડપતિ ના થવાય તે યાદ રાખો.

**સર્વેત્રઃ સુખિનઃ સન્તુ,**

**નરેન્દ્ર જોષી, એડીટર**

# નવી તેજી માટે ૫૧૫૪ અને નવી મંદી માટે ૪૯૦૮ નીચે સતત બે દિવસ બંધ મળવો જરૂરી

**નિફ્ટી ફ્યુચર**

**બંધ : ૫૧૧૯**

૫૦૪૩-૫૦૨૫-૪૯૯૧-૪૯૭૪-૪૯૪૦ના ઘટાડામાં ૪૯૦૧ના ઈન્ટ્રાડે સ્ટોપલોસની દ્દષ્ટિએ તથા ૪૮૩૧ના ઓવરઓલ લોંગની દ્દષ્ટિએ સ્ટોપલોસ રાખી લેણ જ કરવું. ઉપરમાં ૫૧૫૪-૫૧૬૮ એ લોંગની દ્દષ્ટિએ ખૂબ જ મહત્વની પ્રતિકારક સપાટી છે. આ સપાટી જ્યાં સુધી પાર ન થાય ત્યાં સુધી દરેક ઉછાળે વેચવાલી જોવા મળે. આ પ્રતિકારક સપાટી પાર થતા અને તે ઉપર સતત બે દિવસ બંધ આવતા નિફ્ટી ફ્યુચર ૫૧૮૮, ૫૨૩૪, ૫૨૬૬ તથા ૫૨૯૧નો આંક જોવા મળે. નીચામાં ૪૯૪૦-૪૯૭૪ એ ઈન્ટ્રાડેની દ્દષ્ટિએ ખૂબ જ મહત્ત્વનો સપોર્ટ છે. આ સપોર્ટ નીચે જ્યાં સુધી સતત બે દિવસ બંધ ન આવે ત્યં સુધી નીચા લેવલે નવી વેચવાલીથી દુર રહેવું. નિફ્ટી ફ્યુચર ડેઈલી તથા વીકલી ચાર્ટની દ્દષ્ટિએ પોઝીટીવ હોવાથી આ ઈન્ટ્રાડે સપોર્ટ નજીકથી સતત બાઉન્સબેક જોવા મળશે.


**ગોલ્ડન સ્પોટ**

**મનીષ પટેલ**

**મો. ૯૮૨૫૦૧૧૪૩૧**

**૯૭૧૨૯૧૧૪૩૧**

latish_patel@yahoo.co.in


**એક્સીસ બેંક ફ્યુચર**

**બંધ ભાવ : ૧૨૪૧**

૧૨૬૧-૧૨૮૧ એ લોંગની દ્દષ્ટિએ મહત્ત્વની પ્રતિકારક સપાટી રહેશે. આ સપાટી પૂરતો વેચાણપેટે ૧૨૯૭નો સ્ટોપલોસ ઈન્ટ્રાડેની દ્દષ્ટિએ રાખવો. નીચામાં ૧૧૪૮-૧૧૭૪ એ મહત્ત્વનો સપોર્ટ છે. આ મહત્ત્વના સપોર્ટ લેવલની નજીક ૧૧૨૯નો ઈન્ટ્રાડેમાં સ્ટોપલોસ રાખી લેણ કરવું. ૧૨૦૨ એ ટ્રેન્ડ ડીસાઈડર સપાટી તરીકે કામ કરશે.

**ભેલ ફ્યુચર**

**બંધ ભાવ : ૨૩૩૯**

૨૩૫૪-૨૩૬૯ એ લોંગની દ્દષ્ટિએ મહત્ત્વની પ્રતિકારક સપાટી તરીકે કરશે. આ સપાટી નજીક વેચાણમાં રહેવું. વેચાણપેટે ૨૩૮૧નો સ્ટોપલોસ ઈન્ટ્રાડેની દ્દષ્ટિએ રાખવો. નીચામાં ૨૨૪૬-૨૨૭૪ એ સપોર્ટ લેવલની નજીક ૨૨૩૮નો ઈન્ટ્રાડેની દ્દષ્ટિએ સ્ટોપલોસ રાખી લેણ કરવું. ૨૨૯૮ એ ટ્રેન્ડ ડીસાઈડર સપાટી તરીકે કાર્ય કરશે.

**એચડીએફસી લી. ફ્યુચર**

**બંધ ભાવ : ૨૭૫૬**

ઉપરમાં ૨૭૬૯-૨૭૮૪ એ મહત્ત્વની પ્રતિકારક સપાટી નજીક ૨૮૦૧ના સ્ટોપલોસથી વેચાણ કરવું. ૨૭૦૨ એ ટ્રેન્ડ ડીસાઈડર સપાટી તરીકે કામ કરશે. નીચામાં ૨૬૩૧-૨૬૬૫ એ મહત્ત્વનો ઈન્ટ્રાડેની દ્દષ્ટિએ સપોર્ટ છે. આ સપોર્ટ પુરતો ૨૬૧૨નો સ્ટોપલોસ લેણ પેટે રાખવો.

**કેઈર્ન ઇન્ડિયા ફ્યુચર**

**બંધ ભાવ : ૩૦૧**

૨૮૩-૨૮૭ના ઘટાડામાં

**અનુસંધાન પા.નં.૪ ઉપર**


**યશ મેનેજમેન્ટ, બીએસઈ કોડ ૫૧૧૬૦૧, હાલનો ભાવ રૂ.૮.૬૩**

**નેનો ટેક્નોલોજી ક્ષેત્રે દિવસે અને દિવસે હરણફાળ પ્રગતિ કરતી આ કંપની આવનાર દિવસો અને વર્ષોમાં અણધારેલી સફળતા દર્શાવશે અને આ કંપનીમાં હાલના ભાવે કરેલ લાંબા ગાળાનું રોકાણ ઉમદા વળતર આપી શકે છે.**

જાહેરાત

**યશ મેનેજમેન્ટ એટલે નેનો ટેકનોલોજી ક્ષેત્રે છૂપાયેલો હીરો**

# તેજી મંદીના ચક્રવ્યૂહમાં ફસાયેલા રોકાણકારો માટે રેન્જ બાઉન્ડ બજારનો નજીકમાં જ અંત થશે

મિત્રો, જય સાંઈરામ,

વૈશ્વિક બજારોના મજબૂત સંકેતો, ભારતીય બેંકોના વૃદ્ધિદરમાં નોંધાયેલ વધારો અને સ્થાનિક, વિદેશી ફંડોની આકર્ષક લેવાલી થકી ગત સપ્તાહે બજારમાં સારી તેજી

## રોકિંગ ટીપ્સ મેકર્સ



આશિષ નાયક
મો. ૯૩૭૬૯૮૮૭૬૫, ૯૯૨૪૨૭૯૮૨૫
rosenayak.1984@yahoo.com

### ગત સપ્તાહની ભલામણોનું તોફાની પ્રદર્શન

| સ્ટોક | રિટર્ન | સમય |
|---|---|---|
| નાગાર્જુન કન્સ્ટ્રક્શન (૧૭૭ થી ૧૭૨) | ૨.૮૨ ટકા ઉપર | માત્ર ૧ દિવસમાં |
| **નોંધ** : ફ્યુચરના ખેલાડીઓ સ્ટોકમાં ઉછાળે વેચાણ કરી શકે છે. લક્ષાંકો ફ્યુચરમાં એક્સપાયરી સુધી જરુર જોવા મળશે. | | |
| વાડીલાલ ઈન્ડ. (૮૧ થી ૮૬) | ૬ ટકા ઉપર | માત્ર ૩ જ દિવસમાં |
| **નોંધ** : લાંબાગાળાના રોકાણકારોએ રોકાણ જાળવી રાખવું. ઘટાડે નાની માત્રામાં રોકાણ કરી શકાય. | | |
| એલિકોન એન્જિનિયરિંગ (૭૭ થી ૭૯.૯૫) | ૩ ટકા ઉપર | માત્ર ૩ જ દિવસમાં |
| **નોંધ** : ટૂંકાગાળાના રોકાણકારોએ ૭૦ ટકા નફો બુક કરી લેવો જ્યારે લાંબાગાળાના રોકાણકારોએ ઈન્ડેક્સની પરવા કર્યા વિના રોકાણ જાળવી રાખવું. | | |

જોવા મળી હતી. ગત સપ્તાહે સેન્સેક્સમાં પાછલા સપ્તાહથી ૨૫૪.૬૩ પોઈન્ટ અને નિફ્ટીમાં ૬૮.૯૫ પોઈન્ટનો વધારો જોવા મળ્યો હતો. ગત સપ્તાહે ભારતીય શેબજારમાં એક ચોંકાવનારી ઘટના બની હતી જ્યાં સેન્સેક્સે માત્ર ૨૯ સેકન્ડમાં ૪૩૦ પોઈન્ટનો ઘટાડો આંખના પલકારે બતાવ્યો હતો. અમેરિકી શેરબજારમાં ૬ મે ૨૦૧૦ના રોજ ડાઉ જોન્સ આંકમાં માત્ર બે મિનિટમાં ૯૯૯ પોઈન્ટના કડાકા સમાન ઘટના ભારતીય શેરબજારમાં સપ્તાહના બીજા દિવસે બની હતી. નામાંકિત બ્રોકરેજ હાઉસ ઈન્ડિયા ઈન્ફોલાઈનના કોઈ ટ્રેડર દ્વારા જાણીને યા ભૂલથી રિલાયન્સમાં રૂા. ૮૪૦.૫૫ના ભાવનો ખોટો સોદો પડતા સેન્સેક્સમાં માત્ર ૨૯ સેકન્ડમાં ૪૩૦ પોઈન્ટનો ભુકંપ સર્જાયો હતો.

દેશની પ્રતિષ્ઠિત ટેલિકોમ કંપની રિલાયન્સ કોમ્યુનિકેશન વિદેશી કંપની એમટીએનને હિસ્સો વેચવાની છે તેવી અટકળોનો અંત ગત સપ્તાહે એમટીએને કર્યો હતો. એમટીએનના પ્રવક્તા નોઝીફો બોરડીલે જણાવ્યું હતું કે તેઓ ભારતીય ટેલિકોમ કંપની આરકોમ. સાથે કોઈપણ જાતની વાટાઘાટો કરી નથી. જો વાતચીત ચાલુ હોત તો સૌ પ્રથમ માર્કેટને તેની જાણ કરી હોત.આગામી સપ્તાહે બજારની શરુઆત મોટા ગાબડાથી થશે જ્યારે સપ્તાહના મધ્યમાં સામાન્ય સુધારો જોવા મળશે. જ્યાં સ્ટોક સ્પેશિફીક અણધાર્યા ઉછાળા જોવા મળે. સપ્તાહના પ્રથમ દિવસે જો નિફ્ટી ૪૯૭૦ના મજબૂત ટેકાને તોડે તો ટૂંકાગાળાની તેજીનો દોર સમાપ્ત થાય જ્યાં વર્તમાન રેન્જબાઉન્ડ બજારનો અંત જોવા મળી શકે છે. છ માસિક ચાર્ટ ઉપર સેન્સેક્સ સાયમેટ્રિક ટ્રાયેંગલ ઈન એ ડાઉન ટ્રેન્ડની રચના બતાને છે. જે બજાર મધ્યમગાળા માટે મંદીમય હોવાના સંકેતો આપે છે.

**આગામી સપ્તાહ માટે સેન્સેક્સનો ટેકો ૧૬૫૦૩ અને અવરોધ ૧૭૫૧૦ જ્યારે નિફ્ટીનો ટેકો ૫૦૧૩ અને અવરોધ ૫૨૨૦ છે.**

**સેન્સેક્સ (૧૭૧૧૭.૬૯) :** ૧૭૨૦૫ ઉપર ૧૭૩૧૬, ૧૭૪૨૨, ૧૭૫૧૦ અને ૧૭૬૭૨ જ્યારે ૧૭૦૦૬ નીચે ૧૬૯૦૦, ૧૬૭૭૧, ૧૬૬૬૫ અને ૧૬૫૦૩ જોવા મળી શકે છે.

**નિફ્ટી (૫૧૩૫.૫૦) :** ૫૧૫૩ ઉપર ૫૧૭૨, ૫૧૯૪, ૫૨૨૦ અને ૫૨૫૦ જ્યારે ૫૧૧૬ નીચે , ૫૦૯૧, ૫૦૬૫, ૫૦૩૯ અને ૫૦૧૩ જોવા મળી શકે છે.

**ફ્યુચરના ખેલાડીઓ માટે**

**એચ.ડી.આઈ. એલ. (૨૩૨.૭૫) :** ઉછાળે ૨૩૭ આસપાસ ૨૪૫ ના અવરોધ સાથે ૨૨૧ અને ૨૦૭ ના લક્ષાંકો માટે વેચાણ જાળવવું. ૨૨૧ નીચે બંધ આવતાં મોટો ઘટાડો જોવા મળી શકે છે. જ્યાં ૨૦૭ નો ભાવ બતાવી શકે છે. ટેકનીકલી સ્ટોક સપ્તાહના અંતે ચાર્ટ ઉપર હેડ એન્ડ સોલ્ડર એસ.એ. રિવર્સલ ઈન એ અપ ટ્રેન્ડની રચના બનાવે છે. સાપ્તાહિક ચાર્ટ ઉપર પણ એજ રચના બનાવે છે. જે સ્ટોકમાં નાના ઉછાળે મોટી વેચવાલીના સંકેતો આપે છે. માસિક ચાર્ટ ઉપર રાઈઝીંગ વિડથ ઈન એ ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે. જ્યારે ત્રિમાસિક ચાર્ટ ઉપર પણ એ જ પ્રકારની રચના બનાવે છે. લાંબાગાળાના ચાર્ટ ઉપર હેડ એન્ડ સોલ્ડર એસ એ રિવર્સલ ફોર્મેટ ઈન એ અપ ટ્રેન્ડની રચના બનાવે છે. ટૂંકાગાળાના રોકાણકારોએ રિયાલ્ટી અને કન્સ્ટ્રક્શનના શેરોમાં અત્યારે રોકાણ કરવું હિતાવહ નથી. ટૂંકાગાળાના ટ્રેડરો દરેક તબક્કે નફો ઘરભેગો કરવો.

**ટૂંકાથી લાંબાગાળાના રોકાણકારો માટે**

**ગુજરાત અંબુજા એક્સપોર્ટ (બીએસઈ કોડ ૫૨૪૨૨૬) (૨૩.૨૫) :** ઘટાડે ૨૨ આસપાસ ખરીદો. લક્ષાંક ૨૭ અને ૩૧ જો ૨૭ ઉપર બંધ આપે તો લક્ષાંક ૩૧ સ્ટોપલોસ ૧૯. અમદાવાદ સ્થિત વિજયકુમાર ગુપ્તા દ્વારા સ્થપાયેલી કંપનીનો મુખ્ય વ્યવસાય એડીબલ ઓઈલ્સ અને સોલવન્ટ એક્શટ્રેશનનો છે. કંપનીનો વર્તમાન પીઈ રેશિયો ૬.૫૬ ટકા છે. જે ઈન્ડસ્ટ્રીયલ પી.ઈ. રેશિયો ૧૩.૪૧ ટકાથી નીચે છે. કંપની દર વર્ષ નિયમિત પણે ૨૦ ટકા ઉપર ડિવિડન્ડ પણ આપે છે. કંપનીના વાર્ષિક અને ત્રિમાસિકગાળાના પરિણામો આકર્ષક છે જ્યારે કંપનીના પરિણામો દર વર્ષે સુંદર સુધારાતરફી રહેલ છે. ટેકનીકલી શેર ટૂકા અને લાંબાગાળાના ચાર્ટ ઉપર તેજી તરફી રુખની રચના બનાવે છે. રોકાણકારો ત્રિમાસિક પોર્ટફોલિયોમાં રાખી શકે છે. લાંબાગાળાના રોકાણકારોએ મર્યાદિત રોકાણ કરવું. ટૂંકાગાળાના રોકાણકારોએ દરેક ઉછાળે તબક્કાવાર નફો ઘરભેગો કરવો.

**મિરઝા ઈન્ટરનેશનલ (બીએસઈ કોડ ૫૨૬૬૪૨) (૧૪.૨૦) :** ઘટાડે ૧૩ આસપાસ ખરીદો. લક્ષાંક ૧૭ અને ૨૧ જો ૧૭.૪૪ ઉપર બંધ આપે તો લક્ષાંક ૨૧ સ્ટોપલોસ ૧૨. કાનપુર(ઉત્તર પ્રદેશ) સ્થિત કંપનીનો મુખ્ય વ્યવસાય લેધર, સીન્થેટી પ્રોડક્ટ અને ફૂટવેર બનાવવાનો છે. કંપનીનો વર્તમાન પીઈ રેશિયો ૬.૮૭ ટકા છે જે ઈન્ડસ્ટ્રીયલ પીઈ રેશિયો ૧૫.૨૭ ટકાથી નીચે છે. કંપની દર વર્ષે નિયમિત પણે ૧૦ ટકાથી ઉપર ડિવિડન્ડ પણ ચૂકવે છે. કંપનીના વાર્ષિક અને ત્રિમાસિક ગાળાના પરિણામો ખૂબ જ સારા આવેલ છે. ટેકનીકલી શેર ટૂંકાગાળાના ચાર્ટ ઉપર પોઝીટીવ કન્સોલીડેશનનું બંધારણ બનાવે છે. જ્યારે લાંબાગાળાના ચાર્ટ ઉપર શેર ઈન્વર્ટેન્ડ હેડ એન્ડ સોલ્ડરની રચના બનાવે છે. જે શેરમાં ટૂંકાથી લાંબાગાળે મોટી તેજી સર્જાવાના સંકેતો આપે છે. બેંચમાર્ક ઈન્ડેક્સની પરવા કર્યા વિના લાંબાગાળાના રોકાણકારોએ મર્યાદિત માત્રામાં રોકાણ અત્યારથી જ કરી દેવું. ટૂંકાગાળાના રોકાણકારોએ દરેક ઉછાળે તબકકાવાર નફો ઘરભેગો કરવો.

# હાઈડ્રો પાવર, વિન્ડ પાવર અને સોલારની કંપનીઓના દિવસો આવવાની વાર છે

**લાંબાગાળે ક્રૂડ, નેચરલ ગેસ અને કોલસાના ભાવો અધધ વધતા અને સપ્લાય ઘટતા વૈકલ્પિક ઊર્જાનું ઉત્પાદન કરતી કંપનીઓ ના શેરોમાં રોકાણ માટે રસ વધશે પરંતુ હમણાં એવોઈડ કરો**

સાચા સમયે સાચા સેકટરમાં રોકાણની તક ઝડપી લે અને કયા સેક્ટરમાં વેલ્થ ક્રિએશનનો દોર પુરો થઈ ગયો છે તે પણ સમજીને એક્ષિટ કરીલે તે જ સાચો અને શાણો રોકાણકાર.

કોઈપણ બિઝનેસમાં રેશનલ ગણત્રી વગર રોકાણ કરવામાંઆવે તો અસફળ રહેવાની શક્યતા વધી જાય છે. આજે આપણે વૈકલ્પિક ઊર્જાના સ્રોતો દ્વારા વિજળીનું ઉત્પાદન કરતી કંપનીઓ અને તેની સાથે સંકળાયેલી કંપનીઓની વાત કરીશું. મિત્રો હાઈડ્રો પાવર અને વીન્ડ પાવર કંપનીઓના શેરો.

## પોર્ટફોલિયો મેનેજર



દિપક અમીન
મો. ૯૩૭૭૦૦૮૭૦૮

**હાઈડ્રો પાવર / વિન્ડ પાવર માટે નકારાત્મક પોઈન્ટ :**

હાઈડ્રો પાવર ખાસ કરીને સરકારી હસ્તક હોય છેઅને સરકારી કંપનીઓ દ્વારા આવા પ્રોજેક્ટ હાથ પર લેવામાં આવે છે. પ્રોડક્શન કેપેસિટીની એક મર્યાદા આવી જાય છે.

પાવર પ્રોડક્શન નળી વિગેરેના પ્રવાહોપર સંપૂર્ણ રીતે નિર્ભર હોય છે અને પર્યાવરણ અને ઋતુઓમાં ફેરફારો હાઈડ્રો પાવર પ્લાન્ટની પ્રવૃત્તિને માઠી અસર કરી શકે છે. અને તે નાકામ પણ બની શકે છે.

રોકાણ મોટું અને પ્રોડક્શન કેપેસીટી ઊભી કરવા લાંબો સમય લાગતો હોય છે. હાઈડ્રો પાવરમાં.

વિન્ડ પાવરમાં ઉત્પાદીત થયેલી ઊર્જાની માત્રા અન્ય રીતે ઉત્પાદીત થયેલી ઉર્જા કરતા ઓછી હોય છે.

પવન ચક્કીના પાર્ટસ બદલવા પડે છે અને તે મોંઘુ આવે છે.

સોલર પાવરમાં સેમીકન્ડકટર બનાવતી કંપનીઓ વધી ગઈ છે અને આ વધેલી સ્પર્ધાના કારણે નકારાત્મકતા ઘટી ગઈ છે.

વધુમાં સૂર્ય ઊર્જા વધારે આવે છે ત્યારે જો સોલર પાવરનો ઉપયોગ શક્ય છે. ઉપરાંત સોલર પાવરના ઉપાયોગ માટે ઘણી ખુલ્લી જગ્યા જોઈએ છે.

ઉપરાંત ઘરઘરેલું સોલર પાવર વપરાશ માટે અત્યારની લાઈફસ્ટાઈલમાં સેટ થઈ શકે તવું લાગતું નથી.

**સારાંશ**

ભારતમાં એનએચપીસી, જે.પી. હાઈડ્રો, વીર એનર્જી, સુઝલોન અને સોલાર પાવરમાં રત કંપનીઓમાં રોકાણ ટાળવું. હાઈડ્રો પાવર, વીન્ડ પાવરનું ઉત્પાદન કરતી કંપનીઓમાં મધ્યમગાળા દરમ્યાન વળતર મળે તેવી શક્યતાઓ નથી. હા એક વાર ઉપર જણાવ્યા મુજબ ઓઈલ, ગેસ, કોલસા જેવા ઉર્જાના ટ્રેડીશનલ સોર્સના ભાવો અધધ વધી જાય અને સપ્લાય દુર્લભ થાય ત્યારે આ એનએચપીસી જેવી કંપનીના શેરોના ભાવો ખૂબ ઉંચા જઈ શકે તેવી શક્યતા વધી શકે.

એટલે હમણાં ટૂંકા, મધ્યમ કે લાંબાગાળા માટે આ કંપનીઓમાં રોકાણ ટાળવું. સાચા સમયે સાચા સેક્ટરમાં રોકાણની તક ઝડપી લે અને કયા સેક્ટરમાં વેલ્થ ક્રિએશનનો દોર પુરો થઈ ગયો છે તે પણ સમજીને એકિઝટ કરી લે તે જ સાચો અને શાણો રોકાણકાર.

## ફરજીયાત ૨૫ ટકા શેર હોલ્ડીંગ : ફાયદો કેટલો અને કોનો ?

સેબી દ્વારા શુક્રવારે દરેક લીસ્ટેડ કંપનીઓ માટે ૨૫ ટકાનું મિનિમમ પબ્લિક શેર હોલ્ડીંગની ફરજીયાત કલમ જાહેર કરી દીધી. નાણા મંત્રી પ્રણવ મુખર્જી દ્વારા આ નિયમની ભલામણ તેમના ૨૦૦૯-૨૦૧૦ના બજેટમાં કરવામાં આવી હતી.

આ કાયદા મુજબ દરેક લિસ્ટેડ કંપનીએ ફરજીયાત તેની કુલ મૂડી ના ૨૫ ટકા શેર હોલ્ડીંગ પબ્લિકમાં ઓફલોડ અથવા સેલ કરવું પડશે.

આ માટે કોઈ પણ કંપનીને અપવાદ રાખ્યા વગર ૩ વર્ષ નો ગાળો આપવામાં આવ્યો છે. જેમાં દર વર્ષે ઓછામાં ઓછા ૫ ટકા જેટલી બાકીની પબ્લિક શેરહોલ્ડીંગની મર્યાદા વધારવી પડશે. એટલે કે કોઈ કંપનીનું ૧૫ ટકા પબ્લિકમાં હોલ્ડીંગ છે તો તેને વધારીને ૩ વર્ષમાં ૨૫ ટકા કરવું પડશે. જેમાં ફરજીયાત ૫ ટકા દર વર્ષે કરવું જ પડશે.

સરકાર દ્વારા આ નિયમ લાગુ કરવા પાછળ વિકસિત દેશોમાં ઈક્વિટી બજારોમાં આ રીતનું ચલણ ચાલી રહ્યું હોવાની દલીલ કરી રહ્યા છે. ઉપરાંત સરકાર દ્વારા તેવું પણ કહેવામાં આવી રહ્યું છે કે મોટા પબ્લિક હોલ્ડીંગ વાળી કંપનીઓમાં પ્રમોટરો દ્વારા મેનીપ્યુલેશન કરી શકવાની શક્યતાઓ ઘટી જાય છે.

જો કે હકીકત તો એ છે કે સરકારનું અસલી પ્રયોજન શું છે તે તો સરકારને જ ખબર. ઘણી બધી શક્યતાઓ રહેલી છે.

એક તો આમ કરીને સરકાર પીએસયુ કંપનીઓના શેરો બજારોમાં ઠલવાવા માંગતી હોય તેવું બને. વધુમાં મૂડી બજારોનો સામાન્ય રોકાણકારોમાં વ્યાપ વધારવાનો ઉદ્દેશ પણ હોઈ શકે છે.

શેર બ્રોકર્સને તો ચોક્કસ ફાયદો થવાનો જ છે. બજારમાં વોલ્યુમ વધશે.

મર્ચન્ટ બેંકર આ કાયદાને કારણે કંપનીઓએ તેમના દ્વારા વિવિધ માર્ગે શેરો ઓફર કરવા પડશે તેના કારણે કોન્ટ્રાક્ટ/મન્ડેટ મેળવતી મોટી કંપની મળશે.

જો કે રિટેલ રોકાણકારોને શું ફાયદો થશે તેની વાત કરીએ તો...

વિપ્રો જેવી બ્લુચીપ કંપની કે જેમાં પ્રમોટરો ૯૦ ટકા શેરો પોતાની પાસે છે અને રિટેલ ઈન્વેસ્ટરોને તેનો લાભ નથી મળતો તેવી કંપનીના શેરોમાં ભાગ લેવાનો મોકો અને ફાયદો એક વધારે બહોળા વર્ગને મલશે. જો કે તેજીમાં ઊંચા ભાવ આ નિયમનું કંપલીશન કરવા માટે આવરનારા ઈસ્યુઓ થી ચેતવાનું પણ એટલું જ રહેશે.

